સુવિચાર

પરમાત્મા બીજને ઉગાડે છે અને વિકસિત કરે છે પણ તેને રોપવાનું અને ઉછેરવાનું કામ આપણે કરવાનું છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૮/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૯૭



પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૦૩-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦


## જાગૃત્ત નાગરિકે ટેમ્પો પાછળ તેમનું વાહન દોડાવીને તંત્રને જાણ કરી

# બગસરા ખાતેથી બિનઅધિકૃત રેશનીંગનો જથ્થો ઝડપાયો

પ્રાંત અધિકારીએ ટેમ્પામાં લઈ જવાતો ચોખાનો જથ્થો, વાહન સીઝ કરી દીધું

સરકાર ગરીબોને મફતમાં અનાજ ફાળવે તેનો કાળો કારોબાર થાય તે યોગ્ય નથી

ટેમ્પોનાં ચાલક અને કલીનરની પુછપરછ શરૂ કરવામાં આવી

સીઝ કરાયેલ જથ્થાને વડિયાનાં સરકારી ગોડાઉનમાં મોકલી દેવાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૧

ગઈ કાલના રાત્રિ દરમિયાન બગસરાથી અમરેલી તરફ જતી મીની ટેમ્પો ગાડી અનાજના જથ્થા ભરેલ ગાડીને એક જાગૃત નાગરિક સંજયભાઈ કાપડિયાને આ ગાડીની જાણ થતાં આ ગાડી પાછળ પોતાનું વાહન લઈને પીછો કરતા તે ગાડીને બગસરા અટલજી પાર્ક પાસે પકડી પાડવામાં આવેલ અને ડ્રાઈવર વિનોદભાઈ ગોવિંદભાઈ પરમાર (રહે. કોટડા) અને કલીનર સમીરભાઈ ઓસમાણભાઈ ચૌહાણ (રહે. બીલખા)

અનુસંધાન પાના ૬ ઉપર

## વર્ષોથી એક જ ટેબલ કે એક બિલ્ડીંગમાં ફરજ બજાવનારને અન્યત્ર બદલો

# સરકારી કચેરીમાં અજગરસમો ભરડો લેનાર ભ્રષ્ટાચારને દુર કરવા સામુહિક બદલીનું બ્રહ્માસ્ત્ર ઉગામવું જરૂરી

એક શાખામાંથી તેજ બિલ્ડીંગમાં આવેલ અન્ય શાખામાં બદલવાથી કશું નહી થાય

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ફેલાયેલ તાલુકા કક્ષાથી લઈને જિલ્લાકક્ષા અને ત્યાંથી સર્કલ, ઝોન કે ગાંધીનગર ખાતેની વડી કચેરીમાં ફરજ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# બગસરામાંથી વિદેશીદારૂ સહિત કુલ રૂપિયા ૧.૭૫ લાખનો મુદ્દામાલ ઝડપાયો

આરોપીને શોધવા કવાયત શરૂ કરાઈ

અમરેલી, તા. ૩૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તથા બગસરા પોલીસ ટીમ ધ્વારા ગઈ કાલ તા. ૩૦/૭/૨૦૨૪ના રોજ બાતમી હકિકત આધારે બગસરા, નદીપરામાં રહેતા હિતેષભાઈ વીરાભાઈ બાબરીયાના રહેણાંક મકાને રેઈડ દરમિયાન ફોર વ્હીલ કારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂનો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અનુસંધાન પાના ૬ ઉપર

## ચાર્જમાં રહેલ મોબાઈલ લેવા જતાં

# ધારીનાં મુજાણીયા ગામે ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી તરૂણનું મોત નિપજયું

સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૩૧

ધારી તાલુકાના મુજાણીયા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશ નવતની કુશાલ મોતીલાલ ભાભોર નામનાં ૧૫ વર્ષિય તરૂણ તા. ૩૦ના રોજ સાંજે

અનુસંધાન પાના ૬ ઉપર


હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



અભિનંદનનો ગુલદસ્તો
શ્રી મુકુંદભાઈ મહેતા
ફી નિયમન સમિતિ (FRC) સદસ્યશ્રી
ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં ફી નિયમન સમિતિ (FRC) ની રચના થતાં રાજકોટ ઝોનમાં શિક્ષણ શાસ્ત્રી તરીકે જનતા વિદ્યાલય વડેરાનાં આચાર્ય અને અમારાં વડીલ સ્નેહી મુકુંદભાઈ મહેતાની નિયુકિત થતાં ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ...
શુભેચ્છા
દિપક વઘાસિયા - વિલાશ વઘાસિયા
શ્રીજી વિદ્યાર્થી ભુવન - અમરેલી



દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર
Avadh
Family Restaurant & Banquet Hall
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

## ધારાસભ્ય જનક તળાવીયાની સુચનાથી પાલિકા તંત્ર કામે લાગ્યું

# બાબરામાં પાલિકા દ્વારા ઠેકઠેકાણે દવા છંટકાવની કામગીરી શરૂ

ઋતુજન્ય અને ચાંદીપુરા જેવા રોગો માથું ઉંચકે તે પહેલા પાલિકા દ્વારા જનહિતમાં કામગીરી શરૂ

શહેરના દરેક વોર્ડ અને જાહેર માર્ગો ઉપર જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો

પાલિકાએ જનલક્ષી કામગીરી શરૂ કરી હોય હવે શહેરીજનોએ સહકાર આપવો જરૂરી

પાલિકા પ્રમુખ પ્રવિણ કરકરે શહેરીજનોને ગંદકી ન કરવા અનુરોધ કર્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૩૧

ઋતુ જન્ય રોગચાળા અને ચાંદીપુરાના રોગચાળા બાબરા શહેરમાં ના ફેલાય અને નગરજનો રોગ ચાળાની લપેટમાં ના આવે તે માટે ધારાસભ્ય જનકભાઈ તલાવીયાદ્વારા પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને સુચના આપેલ હોય કે શહેરમાં પુરતા પ્રમાણમાં સ્વચ્છતા રાખવામાં આવે પીવાનું પાણી ચોખ્ખું મળે અને જરૂરી દવાનો છંટકાવ કરવામાં આવે.

ધારાસભ્યની સુચના મળતા પાલિકાનું તંત્ર જાગી કામે લાગ્યું હતું શહેરનાં દરેક વોર્ડ વિસ્તાર તેમજ જાહેર માર્ગોમાં ડીડીટી જંતુ નાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહયો છે.

નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ અને તેની સુચના અનુસાર શહેરમાં પુરતી સાફ સફાઈ રાખવામાં આવી રહી છે. મચ્છર અને માખીનાં ઉપદ્રવ લોકો રોગચાળાનો ભોગ ના બને તે માટે જરૂરી દવા છાંટવામાં આવી રહી છે. તેમજ જાહેર ઉકરડા ભરવામાં આવી રહયા છે. તેમજ નદી નાળા અને ખુલી ગટરની પણ સફાઈ હાથ ધરવામાં આવી રહયા છે. લોકોએ પણ સ્વચ્છતા અભિયાનમાં પુરતો સાથ સહકાર આપી જયાં ત્યાં ગંદકી નહિ કરવા અપીલ કરવામાં આવી હતી.

## એસીપીની સુચનાથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડની કામગીરી

# સાવરકુંડલાનાં પો.સ્ટેનનાં હનીટ્રેપના ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત કરાઈ

### આરોપીને સુરત ખાતેથી ઝડપી લેવાયો

અમરેલી, તા. ૩૧

રાજુલા તાલુકાના ડોળીયા ગામના વતની અને હાલ સુરત રહેતા પાર્થભાઈ મંગળભાઈ ઢોલા નામનાં આરોપી તથા તેના મિત્ર ભોલો તેની પત્ની અસ્મિતા, જયસુખભાઈ, લાલો, રાજુ, આરતીએ રીતેના તમામ ધારી તાલુકાના ધારગણી ગામે ભેગા થયેલ અને આરતીએ પોતાના મોબાઈલ પરથી મેસેજથી કરી ચરખડીયા ગામે રહેતા હીતેષભાઈ લાલજીભાઈ તળાવીયાને મળવા બોલાવેલ હતા અને હીતેષભાઈ તેણીને મળવા જતાં આરતી તેની ફોર વ્હીલ ગાડીમાં બેસી ગયેલ અને આ હીતેષભાઈ આરતીને તેની ફોરવ્હીલ ગાડીમાં હાથસણી રોડ ઉપર ડેમના પાળા પાસે લઈ ગયેલ હતા. તે દરમ્યાન તમામ આરોપી અલગ–અલગ ચાર ફોર વ્હીલ લઈ આવી હીતેષભાઈની ગાડી ઉભી રખાવી ગાડી ફરતે ઉભા રહી જઈ અને આરોપીઓએ પોતાની પોલીસ તરીકેની ઓળખ આપી અને તમારી ગાડીમાં દારૂ ભરેલ છે. તેમ કહી ગાડી ચેક કરી તેમા બેસેલ મહિલા કોણ છે? તે બાબતે પુછપરછ કરી કયાં લઈ જાય છે? તેની સાથે રેપ કરી મારી નાખીશ તો કોની જવાબદારી તેમ કહી ખોટા રેપ કેસમાં ફસાવી દઈશુ તેમ કહી ૬ લાખની માંગણી કરી ગાળો આપી હીતેષભાઈની ગાડીની ચાવી તથા મોબાઈલ લઈ આ બંનેને ગાડીમાં બેસાડી સાવરકુંડલા ચરખડીયા ગામે લઈ ગયેલ બાદ તમામ આરોપી ત્યાંથી નાસી ગયેલ હતા. બાદ આ બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થયેલ હતી. ત્યારથી



આરોપી પાર્થભાઈ મંગળભાઈ ઢોલા પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા આજદિન સુધી નાસતો ફરતો હતો.

અમરેલીના પોલીસ અધિક્ષક હિમકર સિંહદ્વારા આ બનાવના નાસતા ફરતા આરોપી શોધી કાઢવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય જેના અનુસંધાને પેરોલ ફલો સ્કવોર્ડને મળેલ ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના IPC કલમ૩૯૫, ૩૬૪(એ), ૩૮૯, ૧૭૦, ૧૨૦બી, ૫૦૪, ૫૦૬ (૨) મુજબના કામના પકડવાના બાકી આરોપી પાર્થભાઈ મંગળભાઈ ઢોલાને તા.૨૯ રોજ સુરત, સુડા સહકાર રેસીડેન્સી પાસેથી ખાતેથી મળી આવતા આરોપીની તપાસ/ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપી આપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

## જાફરાબાદમાં ભૂગર્ભ ગટરનાં ખૂલ્લા ઢાંકણાને બંધ કરવા માંગ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ નગરપાલિકા ગંભીર બેદકારીને લઈ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહી છે. બંદચોકકે જયા મોટી સંખ્યામાં નાગરિકો નાના ભૂલકાઓ મહિલાઓ સિનિયર સિટીઝન પસાર થતા હોય છે. પરંતુ અહી ભૂગર્ભ ગટર ખુલ્લી હોય પરંતુ પાલિકા દ્વારા ખુલ્લી ગટરના ઢાંકણા બંધ કરવાની કોઈની જાતની કાર્યવાહી કરવામાં નથી. આવતી અહી મોટી સંખ્યમાં તહેવારોની ઉજવણી થતી હોય . તેમાં રાષ્ટ્રીય તેહવાર ઉજવવામાં આવે ત્યારે સ્કૂલ નાના નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હોય પરંતુ આ ખુલ્લી ગટરનાં કારણે મોટી દુર્ઘટના ઘટી શકે તેમ હોય પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર આવતુ નથી.

## દેશના સર્વાંગી વિકાસ માટે એપીએમ ટર્મિનલ્સની તત્પરતા

# ભૈ વાહ : પિપાવાવ એપીએમ ટર્મિનલ્સ દ્વારા જન આરોગ્ય અર્થે ઉત્તમ સેવા થઈ રહી છે

### આધુનિક ટેકનોલોજી ધરાવતી એમ્બ્યુલન્સ દ્વારા સેવા




પિપાવાવ, તા. ૩૧

એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે તેની હેલ્થકેર પહેલોમાં મહત્વપૂર્ણ સીમાચિહન જાહેરાત કરીને સ્થાનિક સમુદાયોની સુખાકારીમાં સુધારો કરવા પ્રત્યે કટીબદ્ધતા દર્શાવી છે.

બંદરની મે ૨૦૨૨થી કાર્યરત ૨૪/૭ એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ એમ્બ્યુલનસ (એએલએસ)એ ૧૦૩૧ મેડિકલ ઈમર્જન્સી ટ્રીપ પૂર્ણ કરી છે, જેનાથી ૧,૨૯૨ ગ્રામિણોને લાભ થયો છે. મહત્વપૂર્ણ છે કે ૭૪ ટકા (૯૫૮) લાભાર્થીઓ મહિલા છે. એએલએસ એબ્યુલન્સ રામપરા, ભેરાઈ, શિયાળ બેટ સહિત બંદરની આસપાસના ગામડાઓ તેમજ ટ્રક ડ્રાઈવર્સ, હેલ્પર્સ અને માઈગ્રન્ટ વર્કર્સને સમર્પિત છે તથા સમુદાયો માટે લાઈફલાઈન સાબિત થઈ છે. છ મીનીટમાં ઈમર્જન્સી સાઈટ ઉપર પહોંચાડવાની તેની ક્ષમતા સાથે એમ્બ્યુલન્સ કુશળ ઈમર્જન્સી મેડિકલ ટેકિનશિયન તથા આવશ્યક ઉપકરણોની સજ્જ છે, જે હોસ્પિટલ સુધી પહોંચાડવા દરમિયાન જટિલ કેર પૂરી પાડે છે.

એપીએમ ટર્મિનલ પિપાવાવના મેનેજીંગ ડિરેકટર ગિરિશ અગ્રવાલે કહ્યું હતું કે, "અમારી હેલ્થકેર પહેલોની સફળતા સમુદાયો પ્રત્યેની અમારી મજબૂત કટીબદ્ધતા દશાર્વ છે. આવશ્યક મેડિકલ સેવાઓ પૂરી પાડીને અમે લોકોનું જીવન બચાવવાની સાથે સાથે આસપાસના ગામડાઓમાં એકંદર આરોગ્ય અને સ્થિતિસ્થાપકતામાં પણ યોગદાન આપીએ છીએ."

એપીએમ ટમિનલ્સ પિપાવાવના હેલ્થકેર પ્રયાસો ઈમર્જન્સી સેવાઓ ઉપરાંત પણ છે. કંપની મોબાઈલ હેલ્થ યુનિટ (એમએચયુ)નું સંચાલન કરે છે, જે નિયમિતરૂપે રામપરા, ભેરાઈ, શિયાળબેટ, થાવી, દિવાલો, દેવપરા અને પાદર ગામની મલાકાત લે છે. એમએચયુ હેલ્થ પ્રોફેશ્રલ્સ સાથે મૂળ ભૂત દવાઓ અને ટેસ્ટિંગ કીટથી સજ્જ છે, જે ગ્રામજનોના ઘરઆંગણે પ્રાથમિક હેલ્થકેર લઈ જાય છે. આ ઉપરાંત રહેવાસીઓને પોર્ટ મેડિકલ સેન્ટરનો પણ લાભ મળે છે.

એએલએસ, એમએચયુ અને પોર્ટ મેડિકલ સેન્ટરના સંયુકત પ્રયાસોથી દર મહિને ૨,૦૦૦થી વધુ ગ્રામિણો મેડિકલ ટ્રીટમેન્ટ મેળવે છે.

સુદર્શન નેત્રાલય, અમરેલીના સહયોગમાં એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ દર બે મહિને આઈ ચેક–અપ કેમ્પનું પણ આયોજન કરે છે, જે ૭૦થી વધુ ગામડાઓમાં દર્દીઓને સેવા આપે છે. તેની શરૂઆતથી આ કેમ્પથી ઓપીડી ટ્રીટમેન્ટ દ્વારા ૫,૦૦૦થી વધુ ગ્રામજનોને લાભ થયો છે તેમજ ૧,૦૦૦થી વધુ મોતિયા સર્જરીની સુવિધા પ્રદાન કરાઈ છે.

આ હેલ્થકેર પહેલો એપીનએમ ટર્મિનલ્સ પિપાવાવના વ્યાપક કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટ (સીએસઆર) પ્રોગ્રામનો હિસ્સો છે. જે શિક્ષણ, પર્યાવરણ, કૌશલ્ય વિકાસ અને મહિલા સશકિતકરણ સહિત સામુદાયિક વિકાસના વિવિધ પાસાઓ ઉપર કેન્દ્રિત છે. એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ ભારતના અગ્રણી ગેટવે પોર્ટ તરીકે વિકાસ સાધી રહ્યું છે. તથા સ્થાનિક સમુદાયની સુખાકારીમાં વધારો કરવા માટે કટીબદ્ધ છે, જેનાથી તેની કામગીરી ઉપરાંત સકારાત્મક અસર પેદા કરી શકાય.

## પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાની હરિકૃષ્ણ ડાયમંડ કંપનીએ ૧૯૨૩૬ બોટલ રકત ભેગુ કર્યુ

### રકતદાન આયોજનને ૩૨ વર્ષ પૂર્ણ

લીલીયા, તા. ૩૧

દુધાળાના વતની અને હાલ સુરત હરિકૃષ્ણ ડાયમંડ કંપનીના માલિક પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયાએ સુરત અને મુંબઈ બે સ્થળોએ બીજી શિબિર યોજીને રકતદાન શિબિરોના આયોજનના ૩૨ વર્ષ પૂર્ણ કર્યા. કંપનીએ આ પહેલ દ્વારા કુલ ૯૧૦ યુનિટ રકત એકત્ર કર્યુ જેમાં અત્યાર સુધીમાં લગભગ ૧૯૨૩૬ બોટલનું દાન કરવામાં આવ્યું છે.

# અમરેલીમાં કંડોળિયા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સરસ્વતી સન્માન સમારંભ યોજાયો




અમરેલી કંગોળિયા બ્રાહ્મણ જ્ઞાતિદ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમનું અતિ ભવ્ય આયોજન કપોળ મહાજન વાડી ખાતે કરવામાં આવ્યુ હતુ. જ્ઞાતિમાં પ્લે ઝડપથી ઉચ્ચ અભ્યાસ સુધી અભ્યાસ કરી સારૂ પરિણામ પ્રાપ્ત કરનાર કુલ ૩૬ વિદ્યાર્થીઓને જ્ઞાતિજનોના સાથ અને સહકારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની સાથોસાથ જ્ઞાતિનાં બાળકોએ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત કપોળ વણિક સમાજના પ્રમુખ રાજેશભાઈ મહેતા તથા ટ્રસ્ટી મેહુલભાઈ દેસાઈ તથા વરિષ્ટ જ્ઞાતિજનોએ દિપ પ્રાગટય કરી અને પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતા. તથા કાર્યક્રમનાં અંતે રાસ ગરબા અને ગીત સંગીતનું અતિ ભવ્ય આયોજન થયેલ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી કંગોળીયા બ્રાહ્મમણ જ્ઞાતિના પ્રમુખ અજયભાઈ પંડયા, ઉપપ્રમુખ હરેશભાઈ જોષી તા હોદેદારો સર્વ, દિપકભાઈ અધ્યારૂ, પિયુષભાઈ વ્યાસ, દિવ્યેશભાઈ જોષી, ભાવનાબેન અધ્યારૂ, કૃણાલભાઈ વ્યાસ, શુભાષભાઈ અધ્યારૂ, નિલેશભાઈ વ્યાય, અર્ચનાબેન પંડયા, રાજેશભાઈ જોષી, મહેશભાઈ વ્યાસ, પ્રતિમાબેન વ્યાસ, ભાવિકભાઈ અધ્યારૂ, ક્રિષ્નાબેન અધ્યારૂ, ભાર્ગવભાઈ અધ્યારૂ, કપીલભાઈ ભટ, અતુલભાઈ અધ્યારૂ, દિનાબેન અધ્યારૂ, તૃપ્તિબેન જોષી, શોભનાબેન પંડયા, હાર્દિકભાઈ અધ્યારૂ, પ્રિતીશભાઈ પંડયા, વૈભવભાઈ પંડયા, ધવલભાઈ પંડયા, જેનિશભાઈ વ્યાસ, ઈશાનભાઈ અધ્યારૂ, સંજનાબેન અધ્યારૂ, હિતેષભાઈ જોષી, યશોધરભાઈ વ્યાસ, પ્રિતીબેન અધ્યારૂ, અભિજીતભાઈ વ્યાસ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

## મહાત્મા ગાંધીની જન્મભૂમિ ગુજરાતમાં દારૂબંધી જેવું કશું જોવા મળતું નથી

# મોટી કુંકાવાવનાં બસ સ્ટેન્ડમાં દારૂડીયાઓનો ભયંકર ત્રાસ

**બસ સ્ટેન્ડમાં દારૂ ઢીંચીને દારૂડીયા પડયા રહેતા હોય મહિલા મુસાફરોમાં નારાજગી**

**છેલ્લા થોડા મહિનાઓથી વેચનારા અને પિનારાની સંખ્યામાં વધારો થયાની ચર્ચા**

**ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપને પોલીસ અધિક્ષકે દારૂડીયાઓને ઝડપવા સુચના આપવી જરૂરી**

**સ્થાનિક પોલીસ કયાં કારણોસર દારૂનું દુષણ બંધ કરાવતી નથી તેવો વેધક સવાલ ઉભો થયો**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૩૧

કુંકાવાવ શહેર અને બસ સ્ટેન્ડ પર દારૂડીયાનું સામ્રાજય હોય તેવો માહોલ જોવા દિનપ્રતિદિન મળી રહ્યો છે. ત્યારે સૌથી મોટી સમસ્યા બસ સ્ટેન્ડ અને આસપાસનાં વેપારીઓ ભોગવી રહ્યા છે. દિવસ ઉગે ને દારૂડીયાના અવનવા ખેલ ચાલું થાય અને બસ સ્ટેન્ડ પર નાની–મોટી બાળાઓ અભ્યાસ અર્થે અમરેલી, બગસરા ભણવા માટે આવે ત્યારે આવા દારૂડીયાઓ તેમની સામે અવનવા નખરા કરે, બસ સ્ટેન્ડમાં તેની બાજુમાં બેસે, ગાળો બોલે, નશામાં અર્ધનગ્ન હાલતમાં આમ–તેમ આંટા મારે અને મુસાફર મહિલાઓને બેસવું મુશ્કેલ બનાવી રહ્યા છે અને આવા અવનવા ખેલથી બસ સ્ટેન્ડ ખાલી થઈ જાય છે અને અનેકવાર રોડ પર પાણીનાં ખાડામાં ઉભા રહીને રસ્તે પસાર થતાં વાહનોને અટકાવે, ધમકાવે, ભીખ માંગે અનેકવાર ડોન બનીને પોલીસને જાહેરમાં પડકાર ફેંકે જેવા બનાવો કુંકાવાવ માટે રોજીંદા બન્યા છે. ત્યારે છેલ્લા ઘણા માસથી પીવા વાળા અને વેંચવા વાળાની સંખ્યા દર માસે વધારો થઈ રહ્યો છે અને તાજેતરમાં બે મારામારીનાં મોટા બનાવો બનેલ તેમાં પણ દારૂ જવાબદાર હતો. ત્યારે આવા દારૂનાં દુષણને અટકાવવા માટે કોઈ આગેવાનો આગળ આવતા નથી અને પોલીસ પણ નિષ્ક્રીય હોય દારૂડીયાની હિંમત દિન પ્રતિદિન વધી રહી છે અને પોલીસને પણ ગાંઠતા ના હોય તેવો માહોલ બની રહ્યો છે. ત્યારે દારૂનાં કારણે દિન પ્રતિદિન નાની–મોટી ચોરીના બનાવો પણ બની રહ્યા છે. તેનાથી વેપારી અને લોકો અસલામતી અનુભવી રહ્યા છે. ત્યારે આવા દારૂડીયાના ત્રાસ અને અવનવા ખેલ જોઈને પોલીસ અને શહેરનાં આગેવાને ધમાલ સમયે પસાર થાય તો પણ ઉભા રહેતા નથી કે આવા ગામની અને પોલીસ અને આગેવાનની આબરૂનું ખુલ્લેઆમ ચીરહરણ કરતાં દારૂડીયાને યોગ્ય પાઠ ભણાવીને બસ સ્ટેન્ડનાં મુસાફર વર્ગ અને ખાસ કરીને બહેન–દીકરી, માતાઓને પડતી મુસ્કેલી, ત્રાસની સમસ્યાને સમજે તેવું ગામ લોકો અને જાગૃત લોકો મીડિયાને જણાવી રહ્યા છે. ત્યારે વડિયા આવેલા નવા પીએસઆઈ અને કુંકાવાવ આઉટ પોસ્ટમાં આવેલા નવા જમાદાર દારૂડીયા સામે કડક કાર્ય કરે અને બસ સ્ટેન્ડ વિસ્તારને દારૂડીયાના ત્રાસમાંથી મુકિત અપાવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

## બાગાયત ખાતાની વિવિધ સહાયનો લાભ મેળવવા તા.૧૫ ઓગષ્ટ સુધીમાં આઈ–ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

અમરેલી, તા. ૩૧

રાજયમાં બાગાયતી ખેતીના વિકાસ માટે ગુજરાત રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલી છે. ચાલુ વર્ષમાં ખેડુતો બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ સરળતાથી મેળવી શકે તે હેતુસર રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ માટે 'GROWMORE FRUIT CROPS' અભિયાન શરૂ છે.

આ અભિયાન અંતર્ગત ખેડૂતો વધુમાં વધુ ફળપાકોનું વાવેતર કરે તે આશયથી પપૈયા, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો, નાળિયેરી વાવેતર વિસ્તાર સહાય, ટીસ્યુ કલ્ચર ખારેક, ફળ પાક પ્લાન્ટીંગ મટિરિયલ્સમાં સહાય, કોમ્પ્રિહન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કાર્યક્રમ, આંબા તથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવા, કમલમ ફળના વાવેતર માટે સહાય, વધુ ખેતી ખર્ચ સિવાયના ફળપાકો, સરગવાની ખેતીમાં સહાય ઉપલબ્ધ છે.

રાજય સરકારના બાગાયત ખાતાની આ યોજનાઓનો લાભ મેળવવા આઈ – ખેડુત પોર્ટલ 'http://ikhedut.gujarat.gov.in' પર તા. ૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. અરજી કરતી વખતે ખેડુત ખાતેદારે ૭, ૧૨, ૮–અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો વગેરે પુરાવા સાથે રાખવા.

ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામકી, બાગાયત ભવન, બાગાયત કચેરી, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી પિન નં. ૩૬૫૬૦૧ પર મોકલવી. આ અંગેની વધુ વિગતો માટે બાગાયત કચેરીના ફોન નં. (૦૨૭૯૨–૨૨૩૮૪૪) પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

### વડીલો તેમજ કોમામાં રહેલા કોઈપણ ઉંમરનાં વ્યકિતઓને પ્રવેશ સાથે

# રાજકોટનાં સદ્ભાવના વૃધ્ધાશ્રમને નિઃસંતાન નિરાધાર માવતર જોઈએ છે, નિઃશુલ્ક પ્રવેશ અપાશે

### કેન્સરગ્રસ્ત હોય એવા વડીલોને પણ પ્રવેશ આપવામાં આવશે

અમરેલી, તા. ૩૧

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જે પરંતુ આજનાં કળી યુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત–જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામૂલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાયપરવાળા) છે. સાવ પથારીયશ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી–નિરાધાર હાલતમાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.આવા નિઃસંતાન, પથારીવશ વ્યકિતઓને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે.યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ, કોમામાં,કેન્સરગ્રસ્ત હોય એવા વડીલો તેમજ કોમામાં રહેલા કોઈ પણ ઉમરનાં વ્યકિતઓને જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ (મો.૮૦૦૦૨૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### જિલ્લાનાં વધુ એક ભયજનક શખ્સની અટકાયત

# જસવંગગઢનાં ઘનશ્યામભાઈ દેસાઈની ''પાસા'' હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરાયા

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે અટકાયત કરાઈ

અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર



કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે ગુનાઓ આચરતા ઈસમ ઘનશ્યામભાઈ જયંતીભાઈ દેસાઈ (રહે. જસવંતગઢ, ચિતલ) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલીનાઓ તરફ મોકલી આપેલ હોય. આવા ભયજનક વ્યકિતની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા ઘનશ્યામભાઈ જયંતીભાઈ દેસાઈને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### નીતિન ગડકરીએ નાણાં મંત્રીને કરી રજૂઆત

# લાઈફ-હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ પરથી GST દૂર કરવાની માગણી

## જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવા નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી

નવી દિલ્હી, તા.૩૧

બીજેપી નેતા અને કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી છે. તેમણે નાણામંત્રી પાસે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવાની માંગ કરી છે. સીતારમણને લખેલા પત્રમાં ગડકરીએ કહ્યું કે, નાગપુર ડિવિઝન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયને તેમને આ મુદ્દાઓ પર મેમોરેન્ડમ સુપરત કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST લાગુ કરવોએ જીવનની અનિશ્ચિતતાઓ પર કર લાદવા જેવું છે.નીતિન ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે યુનિયન માને છે કે, લોકો આ જોખમ સામે કવર ખરીદી શકે તે માટે વીમા પ્રિમીયમ પર ટેક્સ લાદવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે, એ જ રીતે મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર ૧૮ ટકા GST વ્યવસાયના આ ક્ષેત્રના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યો છે જે સામાજિક રીતે જરૂરી છે. નીતિન ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિયને જીવન વીમા દ્વારા બચત માટે સારવાર, તબીબી વીમા પ્રીમિયમ માટે IT કપાતની પુનઃ રજૂઆત તેમજ જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના એકીકરણનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST ચૂકવવો એ વરિષ્ઠ નાગરિકો માટે એક પડકાર છે. ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, તમને જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST પાછી ખેંચવાના સૂચનને પ્રાથમિકતાના આધારે ધ્યાનમાં લેવા વિનંતી કરવામાં આવે છે કારણ કે તે અન્ય સંબંધિત મુદ્દાઓ સાથે નિયમો અનુસાર વરિષ્ઠ નાગરિકો માટે બોજારૂપ બને છે. યોગ્ય ચકાસણી પણ થવી જોઈએ.આ પહેલીવાર નથી જ્યારે નિર્મલા સીતારમણને આરોગ્ય વીમા પ્રીમિયમ પર લાદવામાં આવેલા GST પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી હોય. આ વર્ષે જૂનમાં કન્ફેડરેશન ઑફ જનરલ ઈન્શ્યોરન્સ એજન્ટ્સ એસોસિએશન્સ ઑફ ઈન્ડિયાએ સરકારને વ્યક્તિગત મેડિકલ પોલિસી પર GST ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાની અપીલ કરી હતી. નોન-લાઈફ ઈન્સ્યોરન્સ એજન્ટોના સંગઠને જણાવ્યું હતું કે, આ લોકોને સામાજિક સુરક્ષાના માપદંડ તરીકે આ પોલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે. સંસ્થાએ એમ પણ જણાવ્યું હતું કે, છેલ્લા ૫ વર્ષમાં આરોગ્ય વીમા પ્રિમીયમ લગભગ બમણું થઈ ગયું છે.એસોસિએશને સીતારમણને લખેલા તેના પત્રમાં કહ્યું હતું કે, પ્રીમિયમ દરોમાં સતત વધારો અને મેડિકલ ફુગાવાના કારણે પોલિસી રિન્યુઅલ રેટ ઘટી રહ્યા છે. એસોસિએશને સીતારમણને લખેલા તેના પત્રમાં જણાવ્યું હતું કે, રિટેલ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીના નવીકરણની સરેરાશ ટકાવારી ૬૫ થી ૭૫ ટકા છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે મોટાભાગના પોલિસીધારકો વીમા પ્રીમિયમમાં સતત વધારાને કારણે પ્રીમિયમ ચૂકવવામાં અસમર્થ છે અને GST ના ખૂબ ઊંચા દરો માટે સક્ષમ નથી.

### સંયુક્ત રાષ્ટ્રનો ચોંકાવનારો દાવો

# ભારતમાં હુમલો કરવામાં નિષ્ફળ ગયેલું ISIL-K રચી રહ્યું છે નવું ષડયંત્ર

## ભારતમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા જ ઘટનાઓને અંજામ આપી શકે

નવી દિલ્હી, તા.૩૧

સંયુક્ત રાષ્ટ્રના નવા રિપોર્ટમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ઈન ઈરાક એન્ડ ધ લેવન્ટ ખોરાસન (ISILK) ભારતમાં મોટા પાયે હુમલો કરવામાં નિષ્ફળ ગયું. તેમ છતાં, હવે ભારતમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા જ ઘટનાઓને અંજામ આપી શકે.ISIL (Daesh), અલ-કાયદા અને સંબંધિત વ્યક્તિઓ અને સંસ્થાઓ પર વિશ્લેષણાત્મક સમર્થન અને પ્રતિબંધો મોનિટરિંગ જૂથનો ૩૪મો અહેવાલ મંગળવારે બહાર પાડવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સભ્ય દેશોએ ચિંતા વ્યક્ત કરી છે કે અફઘાનિસ્તાનથી આવતા આતંકવાદીઓ આ ક્ષેત્રમાં અસુરક્ષાનું કારણ બનશે.અહેવાલો અનુસાર, ભારતમાં મોટા પાયે હુમલા કરવામાં નિષ્ફળ જવા છતાં, ISILK હવે એક નવું ષડયંત્ર રચી રહ્યું છે. દેશમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા હાથે ઘટનાઓને અંજામ આપી શકે. આ સાથે તેણે ઉર્દૂમાં લખેલું પુસ્તક બહાર પાડ્યું છે, જેમાં હિંદુ-મુસ્લિમ દુશ્મનાવટને અતિશયોક્તિથી દર્શાવવામાં આવી છે અને ભારતને લઈને તેની રણનીતિની રૂપરેખા આપવામાં આવી છે. યુએનના રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ ક્ષેત્રમાં સૌથી મોટો ખતરો આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ઈન ઈરાક અને લેવન્ટ ખોરાસાન છે. તે અફઘાનિસ્તાનથી આગળ આતંકવાદનું પ્રદર્શન કરી રહ્યું છે, જ્યારે અલ-કાયદા ધીરજની વ્યૂહરચના અપનાવે છે અને તાલિબાન સાથેના તેના સંબંધોને પ્રાથમિકતા આપે છે.તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP), તાલિબાન અને અલ-કાયદા (AQIS) વચ્ચે સહકાર વધ્યો છે. તેઓ અફઘાનિસ્તાનમાં માનવબળ અને તાલીમ શિબિરો વહેંચી રહ્યા છે અને તેહરીક-એ-જેહાદ પાકિસ્તાન (TJP)ની મદદથી વધુ ઘાતક હુમલાઓ કરી રહ્યા છે. તેથી, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે TTP અન્ય આતંકવાદી જૂથો માટે બચવાનું સાધન બની શકે છે. TTP અને AQISના સંભવિત વિલીનીકરણથી પાકિસ્તાન, ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશ સામે ખતરો વધી શકે છે. તમને જણાવી દઈએ કે, TTP પાસે છ હજારથી સાડા છ હજાર જેટલા લડવૈયા છે, જેમાં લગભગ ૧૪,૦૦૦ પરિવારના સભ્યો છે.

### મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચાઓ શરૂ

# અર્જુન મોઢવાડિયા દિલ્હીમાં અમિત શાહ-પાટીલને મળ્યા

## મોઢવાડિયાએ દિલ્હી ખાતે શાહ અને પાટીલ સાથે મુલાકાત કરતાં મંત્રીમંડળમાં ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ટર્મ પૂર્ણ થઈ રહી છે. ત્યારે નવા અધ્યક્ષ કોણ હશે એની અટકળો શરૂ થઈ હતી.

આ દરમિયાન પૂર્વ કેબિનેટ મંત્રી પૂર્ણેશ મોદી, કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ સહિતના ભાજપના નેતાઓના દિલ્હીમાં આંટાફેરા શરૂ થયા હતાં અને તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. હવે ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ દિલ્હી ખાતે અમિત શાહ અને સી.આર.પાટીલ સાથે મુલાકાત કરતાં મંત્રીમંડળમાં ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે.લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજીનામું આપીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો અને ભાજપની જ ટીકિટ પર પોરબંદરથી વિધાનસભાની પેટાચૂંટણી લડીને જીત મેળવી હતી. હવે તેઓ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને મળ્યા હતાં. ત્યારે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે, હવે ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. ચૂંટણી બાદ વહેતી થયેલી અટકળોમાં એવું ચર્ચાતુ હતું કે, અર્જુન મોઢવાડિયાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે.

ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલે તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે દિલ્હી ખાતે મુલાકાત કરતા રાજકીય ચર્ચાએ વેગ પકડ્યો હતો.કૃષિ મંત્રી રાઘવજી પટેલે દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે કરેલી મુલાકાતને કેટલાક રાજકીય સૂત્રો શુભેચ્છા મુલાકાત કહી રહ્યાં છે.ગુજરાત ભાજપના નવા સુકાનીને લઈને હાલ કોંકડું ગુંચવાયેલું છે. બીજી તરફ મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ પણ ચાલી રહી છે. ત્યારે રાઘવજીની મુલાકાત બાદ રાજકારણ ચર્ચાઓ ચડ્યું હતું.

### દેશના રાજ્યોમાં નવા રાજ્યપાલે લીધા શપથ

# ઝારખંડ, છત્તીસગઢ, પંજાબ, મણીપુર સહિતના રાજ્યોમાં નવા રાજ્યપાલે શપથ લીધા

## ઝારખંડના નવા રાજ્યપાલ તરીકે સંતોષ કુમાર ગંગવારે જ્યારે છત્તીસગઢના રાજ્યપાલ તરીકે રમેન ડેકાના શપથ

નવી દિલ્હી, તા.૩૧

દેશના ઝારખંડ, છત્તીસગઢ, પંજાબ, મણીપુર સહિતના રાજ્યોમાં નવા રાજ્યપાલે આજે બુધવારે શપધ લીધા છે. જેમના માટે શપથગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝારખંડના નવા રાજ્યપાલ તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી સંતોષ કુમાર ગંગવારે શપથ લીધા છે, જ્યારે છત્તીસગઢના રાજ્યપાલ તરીકે રમેન ડેકાએ શપથ લીધા છે. પંજાબના રાજ્યપાલ તરીકે ગુલાબચંદ કટારિયા તો મણીપુરના રાજ્યપાલ તરીકે લક્ષ્મણપ્રસાદ આચાર્યએ શપથ લીધા છે. મહત્ત્વપૂર્ણ છે કે, સીપી રાધાકૃષ્ણનની જગ્યાએ સંતોષ કુમાર ગંગવારને ઝારખંડના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે, જ્યારે રાધાકૃષ્ણનને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે રાજસ્થાનના નવા રાજ્યપાલ હરિભાઉ કિશન રાવે શપથ લીધા છે.
ઉલ્લેખનીય છે કે, ગંગવાર આઠ વખત રેલી લોકસભા સીટ પરથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ રહી ચૂક્યા છે. ભાજપે તેમને લોકસભા ચૂંટણીમાં ટિકિટ આપી ન હતી, પરંતુ વડાપ્રધાન મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, તેમને નવી જવાબદારી આપવામાં આવશે. સંતોષ કુમાર ગંગવારની રાજકીય સફર ૧૯૮૪માં શરૂ થઈ હતી. ત્યારબાદ તેઓ કોંગ્રેસના ઉમેદવાર આબિદા બેગમ સામે હારી ગયા, જે પૂર્વ રાષ્ટ્રપતિ ફખરુદીન અલી અહેમદની પત્ની છે. આ પછી તેઓ ફરીથી ૧૯૮૯માં લોકસભાની ચૂંટણી લડ્યા અને પહેલીવાર સાંસદ બન્યા. તેઓ ૧૯૮૯ થી ૨૦૧૯ સુધીની લોકસભા ચૂંટણીમાં વિજયી રહ્યા હતા. જોકે, ૨૦૦૯માં તેમને કોંગ્રેસના પ્રવીણ સિંહ એરન પાસેથી હારનો સામનો કરવો પડ્યો હતો.આસામથી આવેલા રમેન ડેકાને ભાજપના દિગ્ગજ નેતા માનવામાં આવે છે. વર્ષ ૨૦૦૯માં, રમેન ડેકા પ્રથમ વખત આસામની મંગલદોઈ બેઠક પરથી ભાજપના સાંસદ તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૧૪માં તેઓ ફરીથી આ જ બેઠક પરથી સાંસદ બન્યા હતા.
રમેન ડેકા પીએમ આદર્શ ગ્રામ યોજનાની કેન્દ્રીય સલાહકાર સમિતિના મહત્વપૂર્ણ સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓ ભાજપના પૂર્વ રાષ્ટ્રીય સચિવ પણ રહી ચૂક્યા છે. વિદેશ મંત્રાલય અને વિદેશી ભારતીય બાબતોના સભ્યો પણ સામેલ હતા. વર્ષ ૨૦૦૬માં રામેન ડેકાને આસામ બીજેપીના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

### જયંતિ રવિની ફરી ગુજરાતમાં વાપસી

# ૧૮ IAS અધિકારીઓની બદલીના આદેશ કરાયા

ગાંધીનગર, તા.૩૧

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં એક સાથે ૧૮ IAS અધિકારીઓની બદલી કરી દેવામાં આવી છે. ગુજરાતમાં બદલીઓનો દોર શરૂ થયો છે, ફરી એક વાર ગુજરાતના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરાયો છે. મોટા પાયે આઈએએસ અધિકારીઓમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. સિનિયર ૧૮ IAS અધિકારીઓની બદલીના આદેશ કરાયા છે. અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલમાં મુકાયા છે.

અધિક મુખ્ય સચિવ એમ કે દાસને મુખ્યમંત્રી કાર્યાલયમાં મુકાયા અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવનો ચાર્જ સોપાયો. IAS અધિકારીઓની બદલીમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક સચિવ સુનૈતા તોમરને શિક્ષણ વિભાગના અધિક સચિવ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. ઉપરાંત તેમને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના એડિશ્નલ ચીફ સેક્રેટરી તરીકેનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયના અધિક સચિવ પંકજ જોશીને પોર્ટ અને ટ્રાન્સપોર્ટ વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો છે. જ્યારે રેવન્યૂ વિભાગના મુખ્ય અધિક સચિવ મનોજ કુમાર દાસને ગૃહ વિભાગમાં મુકવામાં આવ્યાં છે.

સિનિયર આઈએસ અધિકારીઓની બદલી આ પ્રમાણે છે...

- સુનયના તોમર શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ
- ડૉ. જયંતિ રવીને મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ
- એસ. જે. હૈદરને ઉર્જા અને પેટ્રો કેમિકલના અધિક મુખ્સ સચિવ
- ડૉ. ટી નટરાજને નાણાં વિભાગના મખ્ય સચિવ બનાવ્યા
- નવા શિક્ષણ સચિવ બન્યા મુકેશ કુમાર
- રાજીવ ટોપનો ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ
- મનોજ દાસની મુખ્યમંત્રી કાર્યાલયમાં નિમુણક
- પંકજ જોશીને પોર્ટ અને ટ્રાન્સપોર્ટના વધારાનો હવાલો
- જયંતિ એસ રવિ મહેસુલ વિભાગમાં અધિક મુખ્ય સચિવ
- અંજુ શર્માની ACS કૃષિ અને વેલફેર તરીકે નિમુણક
- જેપી ગુપ્તા ટ્રાઈબલ ડેવલપમેન્ટ વિભાગના અધિક મુખ્ય સચિવ
- મમતા વર્માની ACS ઉદ્યોગ અને ખાણ તરીકે નિમુણક
- ડૉ.એસ મુરલીકૃષ્ણનને ચૂંટણી પંચ માં આયુક્ત સ્પેશલ ડ્યૂટી
- વાહન વ્યવહાર કમિશમર તરીકે અનુપમ આનંદ

### કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસ

# નકલી આયુષ્માન કાર્ડ બનાવવાના કેસમાં હિમાચલમાં ED ના દરોડા

## કોંગ્રેસના ધારાસભ્ય આરએસ બાલી અને દેહરાના કોંગ્રેસી નેતા ડો.રાજેશ શર્માની હોસ્પિટલ પર દરોડા

શિમલા, તા.૩૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કાંગડા, ઉના, શિમલા, મંડી, કુલ્લુ સહિત દિલ્હી, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશમાં ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. આ દરોડા નકલી આયુષ્માન ભારત AB-PMJAY આઈડી કાર્ડ બનાવવા અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસમાં પાડવામાં આવી રહ્યા છે.આવા નકલી કાર્ડ પર અનેક મેડિકલ બિલ બનાવવામાં આવ્યા છે, જેનાથી સરકારી તિજોરી અને જનતાને નુકસાન થઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના નગરોટાના કોંગ્રેસના ધારાસભ્ય આર.એસ. બાલી, હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ નિગમના અધ્યક્ષ અને હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ અને કાંગડાની શ્રી બાલાજી હોસ્પિટલના ડૉ. રાજેશ શર્માના નામ પણ છેતરપિંડીમાં પ્રકાશમાં આવ્યા છે અને તેમની જગ્યાઓ પર પણ ઈડ્ઢ તપાસ કરી રહી છે.
આયુષ્માન ભારત યોજના સાથે જોડાયેલા કૌભાંડમાં હિમાચલ પ્રદેશના ઉનામાં વિજિલન્સનો કેસ નોંધ્યો હતો, ત્યાર બાદ આ કેસ ઈડ્ઢ એ તેના હાથમાં લીધો હતો. ઉના અને કાંગડા ઉપરાંત ઈડ્ઢની ટીમે શિમલા અને મંડીમાં પણ કાર્યવાહી કરી છે અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત અન્ય ખાનગી સંસ્થાઓની તપાસ કરવામાં આવી રહી છે. ઉનામાં વહેલી સવારે EDએ બે જગ્યાએ દરોડા પાડ્યા છે, ટીમ ખાનગી હોસ્પિટલની સાથે હોસ્પિટલના સંચાલકના ઘરે પણ પહોંચી છે. પંજાબના નાંગલમાં કર્મચારીના ઘરે પણ દરોડા પાડ્યા, આ તમામને આયુષ્માન ભારત યોજનાના નકલી કાર્ડ બનાવીને છેડછાડના આરોપોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આયુષ્માન ભારત યોજનામાં ગોટાળાના આરોપોને લઈને બુધવારે સવારે ઉના જિલ્લા મુખ્યાલયની એક ખાનગી હોસ્પિટલમાં દરોડા પાડ્યા હતા. જો કે, આ દરોડો માત્ર હોસ્પિટલ પરિસરમાં જ નહીં પરંતુ મહેતપુર-બસદેહરામાં હોસ્પિટલ સંચાલકના ઘરે અને પંજાબના નાંગલમાં હોસ્પિટલના એક કર્મચારીના ઘરે પણ પાડવામાં આવ્યો હતો.બુધવારે સવારે, ડિરેક્ટોરેટ ઑફ એન્ફોર્સમેન્ટ ટીમોએ ત્રણેય સ્થળોએ એક સાથે કાર્યવાહી શરૂ કરી છે. આ મામલો આયુષ્માન ભારત યોજનાની હેરાફેરી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, જેના કારણે ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ, હિમાચલ પ્રદેશ રાજ્ય તકેદારી અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા આ હોસ્પિટલ મેનેજમેન્ટ સામે છેતરપિંડીના આરોપમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી.બીજી તરફ EDના દરોડાના સમાચાર ફેલાતા જ સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રની સંસ્થાઓમાં લોકો આ દરોડાની માહિતી મેળવવા સતત પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા શેર કરવામાં આવેલી માહિતી અનુસાર આ કેસમાં દિલ્હી, ચંદીગઢ સહિત હિમાચલ પ્રદેશના કાંગડા, ઉના, શિમલા, મંડી અને કલ્લુમાં ૧૯ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા છે.

### અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો

# આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય ઉપેક્ષા વાયનાડમાં વિનાશક ભૂસ્ખલનનું બન્યું કારણ

## દેશના ત્રીસ સૌથી વધુ ભૂસ્ખલન-સંભવિત જિલ્લાઓમાંથી ૧૦ કેરળમાં છે, જેમાં વાયનાડ ૧૩મા સ્થાને છે

વાયનાડ, તા.૩૧

કેરળના વાયનાડ જિલ્લાના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૫૧ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે ૧૨૮ લોકો ઘાયલ થયા છે. હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા ગયા વર્ષે જારી કરાયેલા ભૂસ્ખલન નકશા અનુસાર, દેશના ત્રીસ સૌથી વધુ ભૂસ્ખલન-સંભવિત જિલ્લાઓમાંથી ૧૦ કેરળમાં છે. જેમાં વાયનાડ ૧૩ઉમા સ્થાને છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પશ્ચિમ ઘાટ અને કોંકણ હિલ્સ (તમિલનાડુ, કેરળ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્ર)માં ૦.૦૯ મિલિયન ચોરસ કિલોમીટર વિસ્તારમાં ભૂસ્ખલનનું જોખમ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ખૂબ જ વધારે વસ્તીને કારણે, ખાસ કરીને કેરળમાં પશ્ચિમ ઘાટના રહેવાસીઓના ઘરોની ગીચતા વધુ મહત્વપૂર્ણ છે. સ્પ્રિંગર દ્વારા પ્રકાશિત અભ્યાસમાં જણાવાયું છે કે કેરળના તમામ ભૂસ્ખલન-સંભવિત કેન્દ્રો પશ્ચિમ ઘાટ ક્ષેત્ર અને ઈડુક્કી, એર્નાકુલમ, કોટ્ટાયમ, વાયનાડ, કોઝિકોડ અને મલપ્પુરમ જિલ્લાઓમાં કેન્દ્રિત છે.

વાયનાડમાં ઘટી રહેલા વન કવર પર ૨૦૨૨ માંપણ એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે ૧૯૫૦ અને ૨૦૧૮ ની વચ્ચે જિલ્લામાં ૬૨ ટકા જંગલો ગાયબ થઈ ગયા હતા. ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એન્વાયરમેન્ટલ એન્ડ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે વાયનાડના કુલ વિસ્તારનો લગભગ ૮૫ ટકા વિસ્તાર ૧૯૫૦ના દાયકામાં વન કવર હતો. વૈજ્ઞાનિકોના મતે હવામાન પરિવર્તનના કારણે પશ્ચિમ ઘાટમાં ભૂસ્ખલનની શક્યતા વધી રહી છે. તે વિશ્વના જૈવવિવિધતાના આઠ સૌથી ગરમ સ્થળોમાંનું એક છે.
કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (CUSAT)ના એડવાન્સ્ડ સેન્ટર ફોર એટમોસ્ફેરિક રડાર રિસર્ચના ડિરેક્ટર એસ. અભિલાષે કહ્યું કે અરબી સમુદ્રના ગરમ થવાને કારણે ઠંડા વાદળો રચાઈ રહ્યા છે, જેના કારણે કેરળમાં ટૂંકા ગાળામાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને ભૂસ્ખલનની શક્યતા વધી રહી છે. તેમણે કહ્યું, અમારા સંશોધનમાં જાણવા મળ્યું છે કે દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર ગરમ થઈ રહ્યો છે, જેના કારણે કેરળ સહિત આ ક્ષેત્રમાં વાતાવરણ અસ્થિર બન્યું છે. વાતાવરણની આ અસ્થિરતા ઘેરા વાદળો રચવા દે છે. અગાઉ મેંગલોરમાં ઉત્તર કોંકણ પટ્ટામાં આવો વરસાદ પડ્યો હતો.

### ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં કહ્યું

# કેન્દ્ર સરકારે કેરળ સરકારને ભૂસ્ખલન અંગે વહેલી ચેતવણી આપી હતી

## કેન્દ્રએ ૨૩ જુલાઈએ NDRFની ૯ ટીમો કેરળ મોકલી હતી

નવી દિલ્હી, તા.૩૧

કેરળના વાયનાડમાં આવેલા વિનાશમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક લોકો બેઘર બન્યા છે અને અનેક ગામો પાણીમાં ડૂબી ગયા છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાયનાડમાં ભૂસ્ખલન અંગે રાજ્યસભામાં સંબોધન કર્યું છે. અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકારે કેરળ સરકારને ભૂસ્ખલન અંગે વહેલી ચેતવણી આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં જણાવ્યું કે, વાયનાડ અકસ્માત અંગે મોદી સરકારે શું પગલાં લીધાં છે. ત્યારે અમિત શાહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૨૩ જુલાઈએ NDRFની ૯ ટીમો કેરળ મોકલી હતી.
તેમજ વાયનાડ દુર્ઘટનાને લઈને કેરળ સરકારને ૨૩ જુલાઈએ અર્લી વોર્નિંગ સિસ્ટમ દ્વારા એલર્ટ આપવામાં આવ્યુ હતું. અમિત શાહે કહ્યું કે જો અર્લી વોર્નિંગ સિસ્ટમ ક્યાંક છે તો તે ભારતમાં છે. તેનો અંદાજ ૭ દિવસ અગાઉ આપવામાં આવે છે. માત્ર ૪ દેશો પાસે જ આ સિસ્ટમ છે, ભારત પણ તેમાં સામેલ છે.વાયનાડ દુર્ઘટના પર અમિત શાહે રાજ્યસભામાં કહ્યું હતું કે, દેશમાં એવી ઘણી રાજ્ય સરકારો છે જેણે અર્લી વોર્નિંગ સિસ્ટમ પર કામ કર્યું છે અને અકસ્માતમાં કોઈનું મોત થયું નથી. ગુજરાતને ત્રણ દિવસ પહેલા એલર્ટ કરવામાં આવ્યું હતું, ત્યાં એક પણ પશુનું મૃત્યુ થયું નથી. ઓડિશા સરકારે પણ અમારી ચેતવણીનો સ્વીકારી હતી. જેના કારણે ત્યાં એક જ વ્યક્તિનું મૃત્યુ થયું હતું, તે પણ ભૂલના કારણે. ભારતમાં, સરકારે રૂ. ૨૦૦૦ કરોડની કિંમતની અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. વિશ્વના માત્ર ચાર દેશોમાં આ સિસ્ટમ છે. અમારી પાસે વિજળી પડવાને લઈને પણ એલર્ટ છે, જેની એલર્ટ ડીએમને જાય છે. આ સમય કેરળ અને વાયનડના લોકો સાથે ઉભો રહેવાનો છે.

અમિત શાહે રાજ્યસભામાં જણાવ્યું હતું કે પિનરાઈ વિજયનની આગેવાની હેઠળની કેરળ સરકારને વાયનાડમાં ભૂસ્ખલનના એક અઠવાડિયા પહેલા કેન્દ્ર દ્વારા ચેતવણી આપવામાં આવી હતી, ભારે વરસાદની આગાહી કર્યા પછી કેન્દ્રએ નવ NDRF ટીમો કેરળમાં મોકલી હતી. કેરળ સરકારે સમયસર લોકોને બહાર કાઢ્યા ન હતા."

# IASનું પદ છીનવીને તમામ પરીક્ષા પર મૂક્યો પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૩૧

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ ટ્રેઈની IAS પૂજા ખેડકર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. પંચે પૂજા ખેડકરનું IAS પદ છીનવી લીધું છે અને તેના પર ભવિષ્યની તમામ પરીક્ષાઓ પર પ્રતિબંધ પણ મૂક્યો છે. આયોગે ખુદ આ માહિતી આપી છે. મહત્ત્વનું છે કે, ખેડકર પર UPSCમાં ખોટી રીતે અનામત લેવાનો આરોપ છે. આ અંગે તેમની સામે કેસ પણ નોંધવામાં આવ્યો હતો.UPSCએ માહિતી આપી છે કે આજે સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨ માટે કામચલાઉ ભલામણ કરાયેલ ઉમેદવાર પૂજા મનોરમા દિલીપ ખેડકરની કામચલાઉ ઉમેદવારી રદ કરવામાં આવી છે. ઉપરાંત, તેના પર ભવિષ્યની તમામ પરીક્ષાઓ અને પસંદગીઓ પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૧૯ જુલાઈએ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે સિવિલ સર્વિસ પરીક્ષામાં ઉમેદવારી નોંધાવવા માટે વિકલાંગતા અને અન્ય પછાત વર્ગ (નોન-ક્રિમી લેયર) ક્વોટાનો દુરુપયોગ કરવા બદલ ખેડકર વિરુદ્ધ કથિત રીતે કેસ નોંધ્યો હતો. આ કેસમાં પૂજા ખેડકરની આગોતરા જામીન અરજી પર મંગળવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી થઈ હતી. લાઈવ લૉ રિપોર્ટ અનુસાર, ખેડકર તરફથી હાજર રહેલા એડવોકેટ બીના માધવને કોર્ટને કહ્યું કે તેમના ક્લાયન્ટને નિશાન બનાવવામાં આવી રહ્યા છે કારણ કે તેણે કલેક્ટર વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ દાખલ કર્યો હતો. પહેલીવાર UPSC દ્વારા IAS બનેલી પૂજા ખેડકર મહારાષ્ટ્રમાં ટ્રેઈની ઓફિસર બની હતી. આ દરમિયાન તેના પર ખાનગી વાહનમાં લાલ લાઈટ, વીવીઆઈપી નંબરનું વાહન અને પોતાની કેબિન માંગવાનો આરોપ હતો. આ પછી તેની પસંદગી પર સવાલો ઉભા થયા હતા જે બાદ તેનું રહસ્ય ખુલ્યું હતું.

# અમે અહીં કંઈ બનવા માટે નથી આવ્યા, દેશ માટે કામ કરવું છે : ભાગવત

લખનૌ, તા.૩૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અવારનવાર દેશના મહત્વના મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય આપે છે. ભાગવતે તાજેતરમાં ઉત્તર પ્રદેશના અમરોહામાં શ્રી દયાનંદ ગુરુકુલ મહાવિદ્યાલયની નવી ઈમારતના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન એક કોલેજ સ્ટુડન્ટે મોહન ભાગવતને પૂછ્યું કે તમે ભારતના વડાપ્રધાન તરીકે કે અન્ય કોઈ મહત્વના પદ પર કેમ ના બેઠા? આ સવાલ પર મોહન ભાગવતના નિવેદનની ચર્ચા થઈ રહી છે.વિદ્યાર્થીએ સંઘના વડા મોહન ભાગવતને પૂછ્યું કે તમે દેશના વડાપ્રધાન કે અન્ય કોઈ મહત્વના પદ મેળવી શકતા હતા તો પછી તમે કેમ કોઈ મહત્વનું પદ ન લીધું? આ સવાલનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, ‘અહીં તેમના જેવા કાર્યકર્તા બેઠા છે, બધા જ એવા છે. ભાગવતે કહ્યું કે અમે અહીં કંઈ બનવા માટે નથી આવ્યા. દેશ માટે કામ કરવું છે.’ વધુમાં તેમણે કહ્યું કે, ‘ તારો વૈભવ અમર રહે મા, અમારે તો ચાર દિવસ રહેવું છે.’સંઘના વડા મોહન ભાગવતે કહ્યું કે જો તમે કોઈ પણ સ્વયંસેવકને અંગત રીતે પૂછશો તો તે શાખા ચલાવવાની ઈચ્છા વ્યક્ત કરશે. સંઘનો આદેશ સર્વોચ્ચ છે. અમે અહીં સંઘમાં પોતાને દફનાવવા માટે જ છીએ. નહિંતર, માણસ ક્યારેય ઘર છોડી શકતો નહીં. અમે વિચાર્યું કે આપણું વ્યક્તિત્વ શું છે, ચાલો એક દેશ બનીએ, તેમાં સંપૂર્ણ સુમેળ, ભળીને કામ કરીએ. તેથી, અમે આ પદ્ધતિ (કંઈ બનવાની)ના દરવાજા પહેલાથી જ બંધ કરી દીધા છે.

મોહન ભાગવતે કહ્યું કે સંઘ જણાવે છે કે આ કરો, તે કરો, તે કરી એ છીએ. ન તો મારી ઈચ્છા છે, ના તો આકાંક્ષા. સંઘ અમને રાખે છે તેમ અમે જીવીએ છીએ. તેથી જ અમે અહીં-ત્યાં જોવા નથી મળતા. સંઘ અમને કહેશે કે આ કરવાનું છે તો કરીશું નહીં કે તો નહીં કરીએ. મોહન ભાગવતે કહ્યું કે અમે વ્યક્તિ તરીકે કંઈ નથી. અમે બધું જ છોડી દીધું છે. અમારી મરજી ચાલે તો અમે નામ પણ છોડી શકીએ છીએ, પરંતુ તેની મંજૂરી નથી.

### મહાત્મા ગાંધી અતિથિગૃહનાં પટાંગણમાં

# સાવરકુંડલા ખાતે સ્વ. ધીરૂભાઈ રૂપારેલનાં પૂરા કદની તકતી લગાવવામાં આવી

## દ્વિતિય પૂણ્યતિથિએ શ્રધ્ધાસુમન અર્પણ થયા



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા ધીરૂબાપા રૂપારેલની તા.૨૭/૭/૨૦૨૪ના રોજ બીજી વાર્ષિક પૂણ્યતિથી નિમીતે સંસ્થા પરિસરમાં સ્વ.ધીરૂબાપાની પુરા કદની તકતી મૂકવામાં આવી છે. તેને પુષ્પગુચ્છ તેમજ પુષ્પમાળાથી સુંદર શણગારવામાં આવી હતી. ત્યાં સહૃદયી શ્રધ્ધાસુમન અર્પણ કરવાનું આયોજન સવારના ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ.

જેમાં સંસ્થાના પ્રમુખ ડો. ધોળકીયા, મંત્રી પીન્ટુભાઈ વડેરા, ટ્રસ્ટી મયુરભાઈ સાગર, જગુભાઈ વાળા ઉપસ્થિત થતા સંસ્થાના કર્મચારી મંડળ વતી તેઓનુ શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યુ. તેમજ સંસ્થાના સૌ કર્મચારી મિત્રોની હાજરીમાં ડો. ધોળકીયાના પ્રમુખ સ્થાને ટ્રસ્ટીમંડળના સભ્યોનના વરદ હસ્તે ધૂપસળી સહ દીપ પ્રાગટય કરવામાં આવ્યુ. ઉપસ્થિત સૌ સભ્યોએ ગુલાબ પુષ્પથી સ્વ.ના ચરણોમાં વંદનસહ શ્રધ્ધાજંલિ અર્પણ કરી. આ અવસરે પ્રસંગને અનુરૂપ એક પ્રાર્થના ગીતઃ ઈતની શકિત હમે દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હોના...નુ ઓડિયો રેકોર્ડીંગ સાંભળ્યુ. વિરલ વ્યકિતને શોભે એવી એક પંકિતઃ જબ તુમ આયો જગતમે, જગહસે તુમ રોય, કરનીઐસી કર ચલો તુમ હસો જગ રોય :...રજુ કરવામાં આવી. પ્રાર્થના ગીત બાદ ડો.ધોળકીયા શ્રધ્ધાજંલિ અર્પણ કરતા સ્વ. બાપાના સ્વભાવ, સદગુણ અને સબંધો વિષે પ્રાસંગિક સંબોધન કરી શ્રધ્ધાજંલિ આપી તેમજ મયુરભાઈ સાગરે પણ પ્રાસંગિક સંબોધન કરી શાબ્દીક શ્રધ્ધાજંલિ આપી. આ અવસરે સંસ્થામાં હમણા જ વસાવેલી નવી ૧૦૦ નંગ ખુરશીને ઉપયોગમાં લઈ શુભ ઉદઘાટન કર્યુ.

### ''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમ દ્વારા સતત સાતમા વર્ષે ''વહાલુડીના વિવાહ''નું જાજરમાન આયોજન

# રાજકોટ : માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૨ દીકરીઓના માવતરો બનવાનું સદ્‌ભાગ્ય ફરી એકવાર દીકરાનુ ઘરની ટીમને મળશે

## અનાથ દીકરીઓના જીવનમાં રંગ પુરવા દાતાઓને આગળ આવવા અપીલ

રાજકોટ, તા. ૩૧

સમાજથી અને ઘરથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૬ વર્ષથી સેવા કરી રહેલું ''દીકરાનું ઘર''વૃધ્ધાશ્રમ તેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિથી સમગ્ર દેશ અને દેશની બહાર પ્રચલિત છે. હંમેશા નોખું-અનોખું કરવું અને સમાજને કાંઈક નવું જ આપવું એ દીકરાનું ઘરની ટીમનો મીજાજ રહયો છે. સમાજ ઉપયોગી પ્રવૃત્તિએ દીકરાનું ઘરની ઓળખ બની ગઈ છે. સામાજિક, સાંસ્કૃતિક, રચનાત્મક, શૈક્ષણિક અને માનવતાવાદી પ્રવૃત્તિથી ધમધમતું દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ હંમેશા નોખું-અનોખું કાર્ય કરવા તૈયાર હોય છે. કુદરતી કે માનવસર્જિત આફતના સમયે ''દીકરાનું ઘર'' હંમેશા અગ્રેસર રહયું છે. સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો ત્યારે ''દીકરાનું ઘર'' ધ્વારા સતત સેવા પ્રવૃત્તિ થઈ હતી.''દીકરાનું ઘર'' ધ્વારા સતત ૨૦૧૮થી માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ નિરાધાર, નિઃસહાય, લાચાર, અત્યંત ગરીબ પરિવારની દીકરીઓના લગ્નનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવે છે. વહાલુડીના વિવાહ એ માત્ર દીકરાનું ઘરનો પ્રસંગ ન બની રહેતા સમગ્ર સમાજનો પ્રસંગ હોય એ રીતે દીવ્ય અને ભવ્ય બની રહે છે. છેલ્લા છ વર્ષથી વ્હાલુડીના વિવાહ અત્યંત જાજરમાન રીતે એક શ્રીમંત પિતા જે રીતે પોતાની દીકરીનો પ્રસંગ ઉજવે છે એ રીતે ઉજવવામાં આવે છે. ચાલુ સાલ પણ સતત સાતમાં વર્ષે આ અદકેરું આયોજન હાથ ધરાયું છે અને તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વહાલુડીના વિવાહ-૭ના મુખ્ય યજમાનપદે એસ કોમ્પ્યુટરના સંચાલક સંજયભાઈ ધમસાણીયા, માધવીબેન ધમસાણીયા પરિવાર જોડાયેલ છે. આગામી ડિસેમ્બરની ૨૯ તારીખે સતત સાતમાં વર્ષે વહાલુડીના વિવાહ-૭ '''દીકરાનું ઘર'' ધ્વારા અત્યંત ભવ્યતીભવ્ય છતાં ગરીમાપૂર્ણ રીતે યોજાશે. ચાલુ સાલ ફરી એક વખત ૨૨ દીકરીઓને જરૂરીયાત મુજબનો સમૃધ્ધ કરીયાવર અર્પણ કરી તેના સાંસારીક જીવનમાં સુખી થાય એવા આશિર્વાદ સાથે વિદાય અપાશે. સતત સાતમાં વર્ષે દીકરાનું ઘરની ટીમને આવી દીકરીઓના માતા-પિતા કે ભાઈ બનવાનું સદભાગ્ય મળ્યું છે જેમાં સમાજના સુખી સંપન્ન દાતાઓનો અનેરો સહયોગ મળતો રહે છે.

આ અંગેની માહિતી આપતા સંસ્થાના મુકેશ દોશી, અનુપમ દોશી, નલીન તન્ના, સુનીલ વોરા અને કિરીટ આદ્રોજાએ જણાવ્યું છે કે ''દીકરાનું ઘર'' ધ્વારા ફરી એક વખત સતત સાતમાં વર્ષે પિતાની છત્રછાયા ગુમાવેલ દીકરીઓના જીવનમાં રંગ પુરવાનો અવસર ઉભો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વહાલુડીના વિવાહ આજે સૌરાષ્ટ્રભરમાં ખ્યાતી પ્રાપ્ત બન્યા છે. સમાજના તમામ સ્તરેથી વહાલુડીના વિવાહને વ્યાપક સમર્થન મળી રહે છે. ૨૦૧૮થી શરૂ થયેલ આ વિવાહ શહેરના અસંખ્ય સુખી સંપન્ન દાતાઓ અને પરિવારો આગળ આવી રહયા છે. જેમાં ભાવેશભાઈ પટેલ પરિવાર, જાણીતા બિલ્ડર ધીરૂભાઈ રોકડ પરિવાર, પાણ ગ્રુપના મનસુખભાઈ પાણ પરિવાર પણ યજમાન પદે અગાવ રહિ ચુકયા છે ચાલુ સાલ સંજયભાઈ ધમસાણીયા પરિવારે આ સેવા યજ્ઞનું બીડું ઝડપ્યું છે. ચાલુ સાલ ''વહાલુડીના વિવાહ-૭''અત્યંત ભવ્યાતીભવ્ય રીતે યોજાશે અને તે માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવેલ છે. આ લગ્નની વિશેષતામાં ગુજરાતના કોઈપણ ખૂણે દેશકાજે શહીદ થયેલ જવાનની દીકરી અમારા ધ્યાને આવશે તો આવી દીકરીના તેમની ઈચ્છા મુજબના લગ્ન સંસ્થા ધ્વારા કરાવી આપવામાં આવશે. ઉપરાંત પાંચ લાખથી વધુ રકમનું સમૃધ્ધ કરીયાવર પણ આપવામાં આવશે. ગુજરાતના કોઈપણ ખૂણે આવા શહીદ થયેલ જવાનની દીકરી ધ્યાને હોય તો અમારા સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.

વહાલુડીના વિવાહ-૭ની વિશેષ માહિતી આપતા મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, ડો. નિદત બારોટ, પ્રતાપભાઈ પટેલ, ધીરૂભાઈ રોકડ, મનસુખભાઈ પાણ, વલ્લભભાઈ સતાણી, વસંતભાઈ ગાદેશા તેમજ હસુભાઈ રાચ્છે વધુમાં જણાવ્યું છે કે દીકરાનું ઘર ધ્વારા યોજાતા વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને સમૃધ્ધ કરીયાવર ભેટ રૂપે ૨૫૦થી વધુ વસ્તુઓ ભેટ આપવામાં આવશે. એક ઘરની જરૂરીયાત મુજબનો તમામ કરીયાવરનો તેમા સમાવેશ થાય છે. જેમાં કબાટ, પલંગ, ટીપાઈ, ગાદલું, ઓશીકું, મીક્ષચર, ફ્રીઝ, એર કુલર, પંખા, સોના-ચાંદીની નાની-મોટી વસ્તુઓ, ઈમીટેશન સેટ, સંપૂર્ણ વાસણનો સેટ, ૨૫ જોડી કપડા સહિત લગભગ ૨૫૦થી વધુ વસ્તુઓ પ્રત્યેક દીકરીને ભેટ સ્વરૂપે આપવામાં આવશે.''દીકરાનું ઘર''ના કુલ ૧૭૧થી વધુ કાર્યકર્તા આ લગ્નોત્સવ વહાલુડીના વિવાહ સાથે ઉમંગથી જોડાયેલા છે. દીકરાનું ઘર ધ્વારા અત્યાર સુધીમાં ૧૩૮ દીકરીઓના લગ્ન કરવામાં આવ્યા છે. ચાલુ સાલ ૨૨ દીકરીઓને હોંશે હોંશે પરણાવવામાં આવશે.

આ ઉપરાંત વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં ભાગ લેનાર પ્રત્યેક દીકરીઓને સરકાર ધ્વારા મળતી સહાય કુંવરબાઈનું મામેરૂ અને સપ્તપદીના સાત ફેરા હેઠળ સમાજ સુરક્ષા ખાતા તરફથી મળતી સહાય પણ અપાવવામાં સંસ્થા નિમિત બનશે તેમ સંસ્થાના સુનીલ મહેતા, હરેશભાઈ પરસાણા, કિરીટ પટેલ, અશ્વિનભાઈ પટેલ, દિપકભાઈ જલુ, ગૌરાંગ ઠકકર ધ્વારા જણાવવામાં આવ્યુ છે.

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમનાં સંસ્થાપક મુકેશ દોશીએ વધુમાં જણાવ્યું છે કે, વહાલુડીના પ્રસંગ એ અનાથ દીકરીઓના જીવનમાં રંગ પુરવાનો અવસર છે. વહાલુડીના વિવાહ પ્રસંગ અતિ ધામધુમથી ભવ્યથી ભવ્ય રીતે હજારો લોકોની હાજરીમાં ઠાઠમાઠથી ઉજવવામાં આવે છે. એક દીકરીના પિતા જયારે અચાનક દુનિયામાંથી વિદાય લે ત્યારે સમગ્ર કુટુંબમાં અંધારૂ છવાઈ જતુ હોય છે. ત્યારે આવી દીકરીઓને સમાજની હુંફ મળે, પ્રેમ મળે, લોકોના આર્શીવાદ મળે એવા ભાવથી આ પ્રસંગ કરવામાં આવે છે. આમ પણ એવું કહેવાયું છે કે એક અશ્વમેધ યજ્ઞ કરવાથી જેટલુ પુણ્ય નથી મળતુ એનાથી અનેકગણુ પુણ્યનું ભાથુ એક અનાથ દીકરીના જીવનમાં ખુશી લાવવાથી મળે છે.

આ અંગેની વિશેષ માહિતી આપતા સંસ્થાના ઉપેનભાઈ મોદી, હરદેવસિંહ જાડેજા, હરેન મહેતા, રાકેશ ભાલાલા, પ્રવિણ હાપલીયા, પ્રજ્ઞેશભાઈ પટેલ તેમજ શૈલેષ જાનીએ જણાવ્યું છે કે સંસ્થા ધ્વારા અત્યાર સુધીમાં ૧૩૮ દીકરીઓને પરણાવવામાં આવેલ છે. ચાલુ સાલ વધુ ૨૨ દીકરી પ્રભુતામાં પગલા માંડશે. સંસ્થાના કાર્યકર્તામાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. સંસ્થાના ૧૭૧થી વધુ કર્મઠ કાર્યકર્તાઓએ આ માટેની તૈયારી શરૂ કરી દીધેલ છે.

વહાલુડીના વિવાહ-૭નું ફોર્મ વિતરણ તા. ૨૨/૭/૨૦૨૪ થી તા. ૨૯/૮/૨૦૨૪ સુધી સાંજના ૪ થી ૭ સુધી ૩૦૫, ગુરૂરક્ષા કોમ્પલેક્ષ, ભારત ટ્રાવેલ્સની બાજુમાં, વિરાણી ચોક, ટાગોર રોડ ઉપર કરવામાં આવશે. જેમાં ફોર્મ લેવા આવનાર દીકરીએ ઉંમરનું પ્રમાણપત્ર સાથે લઈ આવવું ફરજિયાત રહેશે.

આ લગ્નોત્સવને સફળ બનાવવા હાર્દિક દોશી, દોલતભાઈ ગદેશા, ગુણુભાઈ ઝાપાડી, પ્રનંદ કલ્યાણી, યશવંત જોશી, જિજ્ઞેશ આદ્રોજા, જીતુભાઈ ગાંધી, હરીશભાઈ હરીયાણી, મહેશ જીવરાજાની, પરીમલભાઈ જોશી, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પારસ મોદી, પંકજ રૂપારેલીયા, વિપુલભાઈ ભટ્ટ, દિનેશભાઈ ગોવાણી, જિજ્ઞેશ પુરોહિત, ધીરજ ટીલાણા, આર.ડી. જાડેજા, ચેતન મહેતા, શૈલેષ દવે, મિહિર ગોંડલિયા, બ્રિજ વૈશ્નવ, કામેબ માજી સહિતના કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી રહેલ છે.

વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં દીકરીઓની માતાની તેમજ મોટી બહેનની ભૂમિકામાં સંસ્થાની સક્રિય બહેનો ફાલ્ગુનીબેન કલ્યાણી, નીશાબેન મારૂ, ચેતનાબેન પટેલ, વર્ષાબેન આદ્રોજા, કલ્પનાબેન દોશી, કાશ્મીરાબેન દોશી, પ્રીતીબેન વોરા, પ્રીતીબેન તન્ના, શીલ્પાબેન પટેલ, અલ્કાબેન પારેખ, ગીતાબેન એ. પટેલ, મૌસમીબેન કલ્યાણી, અરૂણાબેન વેકલીયા, કિરણબેન વડગામા, ગીતાબેન વોરા સહિતની બહેનો લગ્નોત્સવને યાદગાર બનાવવા સક્રિયપણે કામગીરી કરી રહી છે.

**લગ્નોત્સવ હેલ્પલાઈન** : ''વહાલુડીના વિવાહ-૭''સંદર્ભે કોઈ માહિતી માટે તથા દીકરીઓને કરીયાવર રૂપી ભેટ આપવા ઈચ્છતા દાતાઓ સંસ્થાના મુકેશ દોશી-૯૮૨૫૦ ૭૭૭૨૫, સુનીલ વોરા-૯૮૨૫૨ ૧૭૩૨૦, નલીન તન્ના-૯૮૨૫૭ ૬૫૦૫૫, અનુપમ દોશી-૯૪૨૮૨ ૩૩૭૯૬ ઉપર સંપર્ક કરી શકે છે.

### શહેરનાં સંગીત રસિયાઓ માટે સદાબહાર ''કરા ઓ કે'' કલબ દ્વારા

# અમરેલીમાં આગામી રવિવારે સ્પે. મોહમ્મદ રફીની ૪૪મી પૂણ્યતિથિએ ''આસમાન સે આયા ફરિશ્તા'' મ્યુઝીક પ્રોગ્રામ યોજાશે

## સિકંદરખાન પઠાણ, દેવાંગી બ્રહ્મભટ્ટ, ઈમ્તીયાઝ પાનવાલા સહિતનાં કલાકારો જમાવટ કરશે



અમરેલી, તા.૩૧

અમરેલી ખાતે આગામી રવિવારે હોટેલ એન્જલ, માણેકપરા ખાતે રાત્રિનાં ૯ કલાકે સ્વ.મોહમદ રફીની ૪૪મી પૂણ્યતિથિ નિમિતે સદાબહાર '' કરા ઓ કે'' કલબ દ્વારા મ્યૂઝિકલ પ્રોગ્રામનું આયોજન શહેરના સંગીત રસિયાઓ માટે કરવામાં આવેલ છે.

આ પ્રોગ્રામમાં વોઈસ ઓફ રફી સિકંદરખાન પઠાણ, ઈમ્તીયાઝ પાનવાલા, દેવાંગી બ્રહ્મભટ, બિપિન મકવાણા, અનિલ ઠાકર, પેઈન્ટર જોગી સહિતનાં આર્ટિસ્ટ સંગીત રસિયાઓને ડોલાવશે.

કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે સુનીલભાઈ શાહ, ઉમેશભાઈ માખીની રહેશે. આંમત્રિતોને ઉપસ્થિત રહેવા આયોજીત દ્વારા અનુરોધ થયેલ છે.

### શહેર કોંગ્રેસ પ્રમુખે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલા શહેરમાં બિસ્માર માર્ગો, ગંદકી સહિતની સમસ્યાનું નિરાકરણ કરવા માંગ

## ચાંદીપુરા જેવો રોગચાળો ફેલાઈતે પહેલા કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૩૧

સાવરકુંડલા શહેરનાં તમામ વોર્ડ નંબર ૧ થી ૯ ના વિવિધ વિસ્તારોમાં તેમજ નગરપાલિકા હસ્તર મુખ્ય રોડ બનાવેલ છે જે હાલ ચોમાસાની સીઝન દરમ્યાન આ તમામ રોડ રસ્તાનું ધોવાણ થઈને મગરમચ્છની પીઠ જેવા વહી રહ્યા છે. રોડ સાઈડો પર ગંદકી, ઉકરડાનું સામ્રાજય છે, નજીવા વરસાદ થી રોડ પર ચાલવું મુશ્કેલ બનેલ છે. સાવરકુંડલાનાં મુખ્ય રસ્તાઓ કે જયાં સતત લોકો, રાહદારીઓ, નાનામોટા વાહન ચાલકોની અવરજવર વધુ છે ત્યાં મોલઢોર રસ્તાઓ પર હડીંગો જમાવીને બેસી રહેતા હોય છે જેના કારણે પણ વાહન ચાલકોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે, હાલ ચાંદીપુરા રોગની દહેશત છે. જેથી સાવરકુંડલા શહેરી વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે અને ખુલ્લી ગટરો, રોડ રસ્તા, ને રીપેરીંગ કરવા અને જાહેર રોડ રસ્તા પરની ગંદકી દુર કરવા નગરપાલિકા દ્વારા જાગૃતતા લાવીને વહેલી તકે યોગ્ય કરવા શહેર કોંગ્રેસ સમિતીનાં પ્રમુખ વિજયભાઈ ડોડીયાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# વડેરા અને રંગપુર ખાતે BTI ની કામગીરી કરાઈ


## આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી



અમરેલી, તા.૩૦

વડેરા અને રંગપુર ગામ ખાતે કાયમી વરસાદી પાણી ભરેલા ખાડામાં BTI કામગીરી કરવામાં આવેલ. જેથી વાહકજન્ય રોગચાળો થાય નહિ. આ કામગીરીમાં વડેરા ઉપ સરપંચ વિજયભાઈ બારૈયા, પંચાયત સભ્ય વિપુલભાઈ સોહલીયા, કેતનભાઈ ભટી, રંગપુર ગામમાંથી કીર્તિભાઈ જોષી, વિપુલભાઈ પડસાલા ઉપસ્થિત રહેલ. સમગ્ર કામગીરી સ્થાનિક આરોગ્ય કર્મચારી ડી.જી. રાજયગુરુની દેખરેખ નીચે કરવામાં આવેલ.

# ૧-ઓગષ્ટ, 'વિશ્વ ફેફસાં કેન્સર દિવસ'



અમરેલી, તા. ૩૧

ફેફસાંનું કેન્સર ત્યારે થાય છે જયારે શરીરમાં ફેફસાંનાં ભાગમાં જરૂરિયાત કરતા વધારે કોષો અનિયંત્રિત સંખ્યામાં વૃદ્ધિ પામે. ફેફસાનું કેન્સર સામાન્ય રીતે બ્રોન્ચીના કોષો અને ફેફસાના ભાગો, જેમ કે બ્રોન્ચિઓલ્સ અથવા એલ્વિઓલીમાં શરૂ થાય છે. કેન્સર શરીરના અન્ય ભાગમાંથી ફેફસામાં પણ ફેલાઈ શકે છે. જયારે કેન્સરના કોષો શરીરના એક ભાગમાંથી બીજા ભાગમાં ફેલાય છે, ત્યારે તેને મેટાસ્ટેસિસ કહેવામાં આવે છે. WHO મુજબ, ૨૦૨૦ માં, ફેફસાના કેન્સરથી ૧.૮ મિલિયન લોક મુત્યુ પામ્યા હતાં. ભારતની મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યાઓમાંની એક પણ છે. ઉધરસ, છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અનુભવવી, ઉધરસમાં લોહી આવવું, સતત થાક લાગવો, કોઈપણ કારણ વજન ઘટવું આ તમામ ફેફસાનાં કેન્સરનાં લક્ષણો છે.

ધુમ્રપાન અને તમાકુનો ઉપયોગ ફેફસાના કેન્સરનું મુખ્ય કારણ છે. અમેરિકન કેન્સર સોસાયટી અનુસાર ફેફસાના કેન્સરના મૃત્યુમાંથી લગભગ ૮૦% લોકો મૃત્યુ ધુમ્રપાનને કારણે છે. તમાકુના ધૂમ્રપાનમાં આશરે ૭,૦૦૦ જેટલા રાસાયણિક પદાર્થો હોય છે, જેમાંથી ૭૦ કરતા વધુ પદાર્થો નિકોટિન, ટાર, બેનઝિન, બેનજોપિરિન, પોલોનિયમ જેવા પદાર્થો શામેલ છે. ધુમ્રપાનના રસાયણિક પદાર્થો ફેફસાના કોષોના ડી.એન.એને નુકસાન પહોંચાડે છે, જે અયોગ્ય વૃદ્ધિ અને મ્યુટેશન તરફ દોરી શકે છે. જયારે ડી.એન.એ મ્યુટેશન થાય છે. ત્યારે કોષો અનિયંત્રિત રીતે વહેતા થાય છે, જે ટયુમર બનાવે છે. ધુમ્રપાન ફેફસાની રોગપ્રતિકારક શકિતને નબળી પાડ છે, જેથી શરીરને કેન્સરજનક કોષોને નષ્ટ કરવું મુશ્કેલ થઈ જાય છે. ધુમ્રપાનના લાંબા સમયગાળા અને તેનો પ્રમાણ વધવાથી ફેફસાના કેન્સર થવાના જોખમમાં વધારો થાય છે. વ્યસન થી દુર રહેવું, સ્વસ્થ આહાર લેવાથી તેમજ નિયમિત કસરત કરવાથી આ પ્રકારની બીમારીઓથી દૂર રહી શકાય છે.

# આજથી વિશ્વ સ્તનપાન સપ્તાહ

# દેશી ગાયનું દૂધ, આરોગ્ય માટે શ્રેષ્ઠ



અમરેલી, તા. ૩૧

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ દરમ્યાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ઉજવવામાં આવે છે.દુનિયાભરમાં શિશુઓનાં આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ ઉજવાય છે.માતાનું દુધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરીયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે.જેને શિશુ સરળતાથી પચાવી શકે છે.ભારતીય સંસ્કૃતિમાં ગાયને પણ માતા કહી છે.પ્રાચીનકાળમાં ભગવાન શ્રી કૃષ્ણ ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હતા.આવી જ રીતે થોડા વર્ષો પૂર્વેની જ વાત કરીએ તો મોટા ભાગે લોકો ગામડાઓમાં રહેતા અને તેમના ઘરમાં જ ગાય રહેતી હતી જેના કારણે તેમને ચોખ્ખું દૂધ મળી રહેતું હતું. ભારતના ગામડાઓમાં આજે પણ ઘણી જગ્યાએ લોકો આવી જ રીતે ગાયનું દુધ સીધું જ દોહીને પીતા હોય છે. દેશી કુળની ગાયનું દૂધ પીવાના ઘણા ફાયદા થાય છે.પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દૂધની ગંગાઓ વહેતી હતી.ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે.વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે.ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.૧. સ્નાયુની મજબુતાઈ આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ.જીવનના પ્રારંભિક તબકકે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે.સ્નાયુ મજબુતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે.દૂધ ૨૦ % (whey) અને ૮૦ % કેસિન (casein)પ્રોટીન છે, બંને સ્નાયુઓના નિર્માણ માટે જવાબદાર છે.

૨. સ્લીપ બૂસ્ટ!દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તેમ ઊંઘ અનુભવશે ! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબુત કિક આપે છે.

૩. હાડકા મજબુ બનાવે છે.મજબુત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે.શરીર તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારૂ હાડપિંજર રોજ-બ-રોજ કાર્ય કરે. હાડપિંજર ને કેલ્શિયમને પસંદ છે !અને દૂધ કેલ્શિયમ નો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે,તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે.દૂના કપમાં ૨૭૬-૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે.દૈનિક ધોરણે પુરૂષો/સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

૪. મગજ શકિત વધે છે.સંશોધન બતાવે છે કે દૂધ મગજના જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે.દૂધ વિટામિન બી ૧૨ નો સ્ત્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે.મગજની શકિત અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિ ન બી ૧૨ આવશ્યક છે,તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દુધ પીવો! ૫. હાર્ટ એટેકથી બચાવે છેગાય ઓમેગા-૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે.ઓમેગા ૩ એચડીએલ કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે.ઓમેગા ૩ હાનિકારક રકત ગંઠાઈ જવાથી અટકાવે છે.ઓમેગા-૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે.ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હદય માટે ખૂબ જ સારા છે.૬. એસીડીટી મટાડે છે.ગાયના દૂધમાં ઓમેગા ૩,એન્ટીઑસડન્ટ સંયોજનો અને પ્રોટીન પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.૭. શરીર ની ચરબી ઘટાડે છે (વજન)

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબીમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

૮. કેન્સરનું જોખમ ઘટાડે છે.દૂધમાં એન્ટિ-કેનસર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે.કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે.ઓંટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાના કેન્સરનું જોખમ ૩૦% જેટલુ ઓછુ થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયના કેન્સરનું જોખમ ઓછું થયું છે.દૂધમાં રહેલું સીએલએ-કન્જેજયુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.૯. ત્વચાનો મિત્રપ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજના સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધને ચહેરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેકિટક એસિડ મૃત કરે છે.૧૦. મેમરી, શકિત અને બુદ્ધિ

આયુર્વેદ અનુસાર ગાયના દુધમાં ઓજ (શકિત) વધારવાનું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશકિત માટ ગાય દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજના એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી, શકિત અને બુદ્ધિ માટે જવાબદાર છે.

# બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

શ્રી જલારામ મંદિર બાબરા ખાતે તા. ૨૮/૭/૨૦૨૪ ને રવિવારે સવારે ૧૦ કલાકે તાપડિયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ ગુરૂશ્રી દયારામબાપુના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ તકે તાલુકા/ જિલ્લાના મોટી સંખ્યામાં જ્ઞાતિ ભાઈ બહેનો તથા વિદ્યાર્થી ભાઈ–બહેનો હાજર રહેલ. સવારે ૧૦ કલાકે દીપ પ્રાગટય અને સમુહમાં હનુમાન ચાલીસના પાઠ બાદ કાર્યક્રમ શરૂ થયેલ. જેમાં પુ. ઘનશ્યામદાસબાપુ, પુ. મણીરામબાપા, ગુરૂશ્રી દયારામ બાપા, સીતારામઆશ્રમહડાળા, પ.પૂ. કલ્યાણદાસબાપુ, મારૂતિ આશ્રમ રફાળીયા, પૂ. સીતારામબાપુધીરજધામ લીંબડીયા, પુ. ગોપાલદાસબાપુરોકડીયા હનુમાન મંદિર હિરાણા હાજર રહી આર્શીવાદ આપેલ અને કન્યા છાત્રાલય સાવરકુંડલામાં અભ્યાસ કરતી દીકરીઓનેફીપેટે પાંચપાંચહજારઆપેલ તેમજ પૂ. મણીરામબાપા તરફથી રૂા. ૫૦૦૦ અમરેલીને તથા રૂા. ૫૦૦૦ કન્યાછાત્રાલયસાવરકુંડલાનેભેટઆપેલ તેમજપૂ. મણીરામબાપાવિદ્યાર્થીસન્માન સમારોહમમાં મિષ્ટભોજનનાઆજીવન દાતાછે. પુ. ઘનશ્યામદાસબાપુ (રાઘવ) હાજરરહીઆર્શીવાદઆપેલજ્ઞાતિભિષ્મ પિતામહ ડો. સુભાષભાઈ અગ્રાવત તરફથી ૧૦, વિદ્યાર્થી ભાઈ–બહેનોને શીલ્ડ, સન્માનપત્ર આપેલ અને તાલુકા મંડળનેરૂા. ૬૦૦૦ આપીરાજીપો વ્યકત કરેલ. રાજયમંડળનાપ્રમુખઅરૂણભાઈ દેવમુરારી, પૂર્વ પ્રમુખ અશોકભાઈ રામાનુજ, જિલ્લા મંડળના પૂર્વ પ્રમુખ નવનીતભાઈ નિમાવત, જિલ્લા ટ્રસ્ટી ધીરૂભાઈ દેવમુરારી, જિલ્લા ટ્રસ્ટી મુકેશભાઈ નિમ્બાર્ક હાજર રહી કાર્યક્રમનીસફળતામાટેપ્રતાપભાઈ એલ. દેવમુરારી અને યુવાપાંખ ને ખુબજ અભિનંદન આપેલ. વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ દર વર્ષ જલારામ મંદિર ખાતે યોજાયછે. જલારામમંદિરમાંએ.સી.હોલ અને નીચે ભોજન માટે હોલ અને પુરતા વાસણ, ખુરશી, ગાદલા, વિ.નીસેવાફ્રિમાં મળેલ. તાલુકામંડળ જલારામ ટ્રસ્ટ અને સમસ્ત લોહાણા સમાજનો હૃદયપુર્વક આભાર વ્યકત કરેલ. દર વર્ષે તેમના તરફથીફ્રીસેવામળે છે. જલારામમંદિરના મુખ્યટ્રસ્ટી દિપકભાઈ ચંદુભાઈ સેદાણી કાર્યક્રમની શરૂઆતથી અંત સુધી સાથે રહી મદદ અને માર્ગદર્શન આપેલ તેમજ રામદળ ચેનલના ભરતભાઈ સાધુએ ખાસ હાજરી આપી હતી. સાવરકુંડલા કન્યા છાત્રાલયની ગરીબ ઘરની દીકરીઓની ફી માટે ટહેલ નાંખતા રાધેશ્યામ જીનીંગમાંથી નાગજીભાઈ દસલાણીયા, ધીરૂભાઈ દસલાણીયા, ઉદ્યોગપતિ સતારભાઈ સૈયદ, અમુલ જીનીંગમાંથી શૌકતભાઈ ગાંગાણીએ રૂા. ૧૧,૦૦૦–રૂા. ૧૧,૦૦૦ આપેલતથા હસુભાઈ નંદલાલ પોપટ તરફથી રૂા. ૫૧૦૦ આપવામાંઆવેલ. અમરેલીથી જગદીશભાઈ રમણીકભાઈ સેલાણી આર.વી.એન્ડકું. તરફથી રૂા. ૫૧૦૦ છાત્ર બાળાઓને આપેલ જિલ્લા પંચાયતનાસદસ્યપ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપના પ્રમુખ અશોકભાઈ રાખોલીયા તથા રમજાનભાઈ જીવાણી હાજર રહી પોતાનો રાજીપો વ્યકત કરી તાલુકા મંડળને આર્થિકયોગદાનઆપેલ. જિલ્લા મંડળના ઉપપ્રમુખ અને તાલુકા મંડળના મંત્રી પ્રતાપભાઈ એલ. દેવમુરારીના માર્ગદર્શનથી યોજાતા આ કાર્યક્રમનાયશનાભાગીદારયુવામંડળછે. બાબરા અમરાપરા મંડળ યુવા પ્રમુખ જનકભાઈ અગ્રાવત, ઉપપ્રમુખો કિશનભાઈ વિષ્ણું, પ્રવિણભાઈ કુબાવત, મંત્રી જીતુભાઈ નિમાવત, કા. સભ્ય મનીષભાઈ અગ્રાવત (જી.ઈ.બી.), મુકેશભાઈ અગ્રાવત, જયેશભાઈ અગ્રાવત, બંસીદાસ જલાલજી, ધર્મેન્દ્રભાઈ કુબાવત(જી.ઈ.બી.), આદિત્ય દેવમુરારી, ધવલ કુબાવત, દેવેન્દ્ર અગ્રાવત, શૈલેષભાઈ અગ્રાવત, રમેશભાઈ નિમાવત, હર્ષદ દેવમુરારી, ગોપાલભાઈ કુબાવતવિગેરેટીમદ્વારાઆ કાર્યક્રમની જહેમત ઉઠાવી હતી. તેમજ તાલુકા મંડળમાં પ્રતાપભાઈ સાથે ખંભે ખભોમિલાવી કામ કરે છે તેવા રાજુભાઈ એમ. કુબાવત અને રસીકભાઈ અગ્રાવતની કામગીરીની નોંધ લેવામાં આવી. તાલુકા મંડળના પ્રમુખ ડો. રૂગનાથભાઈ કુબાવત, ઉપપ્રમુખો દલપતભાઈ લશ્કરી, મગનભાઈ અગ્રાવત, સુરેશભાઈ દેવમુરારી, કા.સભ્ય શામળદાસભાઈ નિમાવત, રમેશભાઈ નિમાવત, દલપતભાઈ વસંતસ્વામી, મુકેશભાઈ રામાવત, ઘનશ્યામભાઈ લશ્કરી વિગેરેએ માર્ગદર્શન આપેલ. વિદ્યાર્થી ભાઈ–બહેનોનેશીલ્ડ, સન્માનપત્રઆપેલ. જેમાં ધો. ૧૨ સાયન્સમાંગોલ્ડમેડલમેળવનાર કુ. જાનસી કલ્પેશભાઈ કુબાવતનું તાલીઓના ગડગડાટથી વિશેષ સન્માન કરેલ. તાલુકામંડળમાંબેવર્ષમાટેનવી કારોબારીની નિમણુંક કરેલ. પ્રતાપભાઈ લાભુદાસભાઈ દેવમુરારી–પ્રમુખ, ભીખારામ ધરમદાસ ખોજીજી–ઉપ પ્રમુખ, રજનીભાઈ ભરતભાઈ દેવમુરારી–ઉપપ્રમુખ, રમેશભાઈ કનૈયાલાલ નિમાવત–ઉપપ્રમુખ, જગદીશભાઈ મંછારામભાઈ લશ્કરી–મંત્રી કાર્યક્રમનું સફળ સંચાલન વિવેકાનંદ સ્કૂલના આચાર્ય અને યુવા પાંખના ઉપપ્રમુખ પ્રકાશભાઈ એમ. ચૈતન્ય સ્વામીએ કરેલ તથા આભાર વિધિ ડો. રૂગનાથભાઈ કુબાવતે કરેલ.

## પાના ૧ ઉપરનું ચાલું સરકારી કચેરીમાં અજગર સમો

બજાવતાં સુપર કલાસ વનથી લઈને વર્ગ–૩ સુધીનાં અધિકારીઓ અને કર્મચારીઓની બદલી કરીને સરકારી કચેરીમાં અજગરસમો ભરડો લેનાર ભ્રષ્ટાચારને દુક કરી શકાય તેમ હોય મુખ્યમંત્રીએસામુહિકબદલીનુંબ્રહ્માસ્ત્ર ઉગામવું અન્યંતજરૂરીબન્યુંછે.

અમરેલીજિલ્લાનાંપોલીસ, પંચાયત, મહેસુલ, આર.ટી.ઓ., સિંચાઈ, માર્ગ–મકાન, પાણી–પુરવઠા, વાસ્મો, વનવિભાગ, સહિતનીસરકારી કચેરીઓઉપરાંતરાજયભરમાંફેલાયેલ જુદા જુદા વિભાગોની સરકારી કચેરીઓમાંસુપર કલાસ વન થી લઈને વર્ગ–૩ સુધીનાં હજારો કર્મચારીઓ ૩ વર્ષથી વધારે એકના એક ટેબલે અથવા તો એકના એક બિલ્ડીંગમાં આવેલ જુદી–જુદી શાખામાં ફરજ બજાવતા હોવાથી પેધી ગયા છે. અને તેઓમાંથી મોટાભાગનાં ભ્રષ્ટાચાર કરવાનાં કામે ચડી ગયા છે.

છેલ્લા થોડા દિવસોથી રાજયભરની સરકારી કચેરીનાં અધિકારીઓ અને કર્મચારીઓનાં કારનામા બહાર આવી રહયા છે. અને ભાજપ સરકારનેમીડિયાઅનેવિપક્ષનાં આકરાપ્રશ્નોનોસામનોકરવાપડીરહયો હોય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરકારી વિભાગોમાંફેલાયેલભ્રષ્ટાચારનોભોગ બનતી રાજયની જનતાને છુટકારો અપાવવા સામુહિક બદલીનું બ્રહ્માસ્ત્ર ઉગામવું જરૂરી બન્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાની મામલતદાર કચેરીનું

શહેર ભાજપ અગ્રણી નીતિનભાઈ રાઠોડને રજુઆત કરવામાં આવતા રાજયનામુખ્યમંત્રીભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી મામલતદાર કચેરીનું સ્થળાંતર અટકાવવા રજુઆત કરેલ છે.

જિલ્લા પંચાયતના સભ્ય અને શહેર ભાજપના અગ્રણી નીતિનભાઈ રાઠોડ દ્વારા રાજયના મુખ્યમંત્રીને પાઠવેલ પત્રના જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા કચેરી નવી બનાવવાની આવી રહી છે. તેસરાહનીય છે પણ થોડા વર્ષોસુધીહંગામીરીતે કચેરી નું શહેરથી દુર સ્થળાંતર લોકોની મુશ્કેલીઓ માં વધારો કરશે. બાબરા તાલુકામાંથી રોજે હાજરો અરજદારો વિવિધ કામ અર્થે આવતા હોય છે. જેને હવે લાંબુ અંતર કાપવાની ફરજ પડશે મામલતદાર કચેરી શહેરથી દરેડ રોડ કે જયાં આઈ.ટી.આઈ. આવેલી છે. તેના બિલ્ડીંગમાં ભાડે શિફટ થઈ છે પણ લોકોને અહીં કચેરીમાં જવા માટે રીક્ષા ભાડું રૂ. ૧૦૦ થી રૂ. ૧૫૦ સુધીનું ચૂકવવાનો વારો આવશે.

મામલતદાર કચેરી ખેડૂતો, વિધાર્થીઓ અને મહિલાઓ વિવિધ સહાય તેમજ અન્ય દાખલાઓ કાઢવા માટે આવતા હોય છે ત્યારે તેઓને કેવડું અંતર પડશે. કોઈ મહિલા કે વૃદ્ધ ને મામલતદાર કચેરીમાં કેવી રીતે આવવુ તેનો પણ એક મહત્વપૂર્ણ પ્રશ્ન બની રહેવાનો વહીવટી તંત્ર દ્વારા કોઈપણ જાતના આયોજન વગર લોકોની ચિંતા કર્યા વગર કચેરી સ્થળાંતર કરી લેતા હાલ તો અરજદારો મુંઝવણમાં મુકાય ગયા છે. ત્યારે મામલતદાર કચેરીના સ્થળાંતર બાબતે ફેર વિચારણા કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું ધારીનાં મુજાણીયા ગામે

૪:૪૫ વાગ્યે લાલજીભાઈ શેલડીયાની વાડીએ ઓરડીમાં ચાર્જીગમાં રાખેલ મોબાલઈ ફોન લેવા જતા તરૂણને ડાબા હાથની પહેલી આંગળી તથા અંગુઠા ઉપર ઈલેકટ્રીક શોક લાગવાથી ત્યાં પંચર પડી ગયેલ હોય. જેથી ગંભીર ઈજા થતાં સારવાર માટે ધારી દવાખાને ખસેડાયેલ જયાં આ તરૂણનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા ખાતેથી બિનઅધિકૃત

વિરૂધ્ધ ફરિયાદ કરેલ અને બગસરા પ્રાંત અધિકારીને જાણ કરવામાં આવી અને પ્રાંત અધિકારી ધ્વારા આ ગાડીને સીઝ કરવામાં આવી હતી. અને બગસરા પોલીસ સ્ટેશન ખાતે ગાડીને લઈ અનાજની ખરીદીના બિલનું પૂછતા બિલ ના હોવાથી આ ગાડીને સિઝ કરવામાં આવી હતી. જયારે આ ગાડીમાં ચોખાની કિંમત ૯૮૬૨૨ અને ટેમ્પાની કિંમત ૧.૫૦ લાખ રૂપિયા સહિત કુલ રૂા. ૨૪૮૬૨૨ કુલ મુદામાલ સહિત આ ગાડીને સિઝ કરવામાં આવી હતી અને વડીયા ખાતે સરકારી સસ્તા અનાજના ગોડાઉનમાં મોકલવામાં આવ્યો હતો.

જયારે લોકો સસ્તા અનાજના ચોખા અને ઘઉં મેળવવા માટે વલખાં મારતા હોય છે ત્યારે આવા મળતિયાઓદ્વારાઆસસ્તાઅનાજનાચોખા બારોબર વહેંચી મારતા ગરીબો અનાજ વિહોણા રહી જાય છે. ત્યારે આવા લોકો ઉપર તપાસ કરવામાં આવે અને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરામાંથી વિદેશી દારૂ સહિત

જથ્થો પકડી પાડી, આરોપી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવતા, આરોપી વિરૂધ્ધ ધોરણોસર કાર્યવાહી કરી, પકડાયેલ મુદામાલ આગળની કાર્યવાહી થવા બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. આરોપી હિતેષ વીરાભાઈ બાબરીયાને પકડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ સ્ટેગ સુપિરિયર વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ ૪૭ કિ. રૂા. ૧૮,૮૦૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ ચેલેન્જ ફાઈન રીઝર્વ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૧૨ કિં. રૂા. ૬,૨૪૦ તથા એક મારૂતિ સ્વીફટ ડીઝાઈર કાર જી.જે.૦૧.કે.ડી. ૪૯૯૯ કિ. રૂા. ૧,૫૦,૦૦૦ મળી કુલ કિ. રૂા. ૧,૭૫,૦૪૦નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. તથા હેડ કોન્સ. અજયભાઈ સોલંકી તથા પો.કોન્સ. ઉદયભાઈ મેણીયા તથા બગસરા પો.સ્ટે.ના પો.ઈન્સ. એમ.ડી.સાળુકે તથા બગસરા પોલીસ ટીમ ધ્વારા કરવામાં આવેલ છે.

## સોનગઢ ખાતે યોજાયો કેમ્પ
# લીલીયાની અમૃતબા વિદ્યાલયનાં વિદ્યાર્થીઓનો એનસીસી કેમ્પમાં શ્રેષ્ઠ દેખાવ
### દોડમાં પ્રથમ અને ડ્રીલમાં બીજા ક્રમે



લીલીયા, તા. ૩૧

લીલીયા સહાયક કેળવણી મંડળ સંચાલીત અમૃતબા વિદ્યાલયમાં ધો. ૧૦માં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓ શાળાના આચાર્ય હસમુખભાઈ કરડના વડપણ નીચે સોનગઢ મુકામે તા. ૨૨ જુલાઈથી ૩૧ જુલાઈ ૧૦ દિવસીય એન.સી.સી કેમ્પમાં ગયેલ કેમ્પમાં પરેડ સહિતની વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ જેમાં શાળાના વિદ્યાથીૃઓ દોડમાં પ્રથમ ક્રમે અને ડ્રીલમાં બીજા ક્રમે આવતા શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવેલ. સોનગઢ એન.સી.સી કેમ્પમાં દોડ અને ડ્રીલ સ્પર્ધામાં સારા દેખાવ બદલ શાળાના સંચાલક મંડળના અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી સહિત હોદેદારો અને વાલીઓએ વિજેતા થયેલ વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્ય હસમુખભાઈ કરડને શુભેચ્છા. અભિનંદન આપેલ. આવી જ રીતે આગામી તા. ૩ ઓગસ્ટના રોજ ધો. ૯ માં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓનું એન.સી.સી. કેડરમાંથી એનરોલમેન્ટ કરવામાં આવાનાર હોવાનું આચાર્ય હસમુખભાઈ કરડે જણાવ્યું હતું.

# ધારીનાં કણેર ગામેથી વિદેશી દારૂની 3 બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૩૧

ધારી તાલુકાના કણેર ગામે રહેતા તખુભાઈ વલકુભાઈ વાળાએ વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની રીંગપેક કાચની બોટલો નંગ–૧ કિં. રૂા. ૧૫૦૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૩૭૫ ની કંપની રીંગપેક કાચની બોટલ નંગ–૨ મળી કુલ બોટલ નંગ–૩ કુલ રૂા. ૧૮૧૦ ના મુદામાલ સાથે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સ્પેશ્યલ ઓપરેશન ગૃપનાં
# પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરીને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાયા
### રાજય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એવોર્ડ એનાયત



તસ્વીર : રાજુ બસીયા–બાબરા

બાબરા, તા. ૩૧

ગુજરાત પોલીસમાં પોલીસની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા પોલીસ અધિકારીઓનું દર વર્ષે એવોર્ડ આપીને સન્માન કરવામાં આવે છે. ગત વર્ષ ૨૦૨૩ ની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગાંધીનગર ખાતે યોજાયેલ અલંકરણ સમારોહ– ૨૦૨૪ના કાર્યક્રમમાં અમરેલી એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. આર.ડી. ચૌધરીને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારે ગાંધીનગર ખાતે આવેલ કરાઈ એકેડમી એવોર્ડ રાજયના ડી.જી.પી. વિકાસ સહાયના હસ્તે પી.આઈ. આર.ડી. ચૌધરીને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. જેને લઈ અમરેલી જિલ્લા પોલીસ વિભાગમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૧૯૩ |
| ૨ | શિંગ મોટી | ૯૪૫ | ૧૨૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૯૫૦ | ૧૪૧૮ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૨૫ |
| ૬ | તલ કાળા | ૨૮૭૦ | ૩૪૬૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૫૨૯ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૭૩ |
| ૯ | જુવાર | ૩૬૩ | ૮૧૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૭ | ૬૦૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૭૪ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૬૦૪ |
| ૧૩ | ચણા | ૯૪૫ | ૧૩૨૧ |
| ૧૪ | તુવેર | ૧૩૩૫ | ૧૮૩૦ |
| ૧૫ | કપાસ | ૯૬૬ | ૧૫૫૮ |
| ૧૬ | એરંડા | ૧૦૫૬ | ૧૧૨૦ |
| ૧૭ | જીરૂ | ૪૫૧૦ | ૪૮૪૦ |
| ૧૮ | રાય | ૧૦૯૦ | ૧૧૧૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૨૦ | મેથી | ૧૦૩૦ | ૧૧૦૪ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૦ | ૧૫૫૩ |
| ૨ | જીરૂ | ૪૨૦૦ | ૪૯૦૦ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૫૨૫ |
| ૪ | તલ | ૨૨૫૦ | ૨૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ૩ | શીંગદાણા | ૧૫૫૧ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૭૫ |
| ૫ | જીરૂ | – | ૪૬૩૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૯૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૪ | ૫૫૪ |
| ૯ | બાજરો | ૪૮૦ | ૫૨૫ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| ૧૧ | મગ | ૧૫૧૪ | ૧૫૨૬ |
| ૧૨ | અડદ | ૧૭૮૦ | – |
| ૧૩ | ચણા | ૧૨૨૫ | ૧૩૦૦ |
| ૧૪ | સોયાબીન | ૬૧૩ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૨ | ૫૩૨ |
| ૨ | શીંગ ફાડા | ૧૦૧૫ | ૧૨૦૧ |
| ૩ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૫૦ |
| ૪ | સોયાબીન | ૮૦૭ | ૮૧૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૨ | જુવાર સફેદ | ૮૬૦ | ૮૬૦ |
| ૩ | તલ | ૧૬૦૦ | ૨૪૧૧ |
| ૪ | એરંડા | ૧૦૪૬ | ૧૦૭૧ |
| ૫ | સોયાબીન | ૮૨૪ | ૮૨૫ |
| ૬ | ધાણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૭ | જીરૂ | ૫૨૯૯ | ૫૨૯૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૦૦ |
| ૪ | સોયાબીન | ૭૭૮ | ૮૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૪૦૫ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | જીરૂ | ૩૫૦૦ | ૪૨૧૫ |


**સંકુલ ધો.–૧૧ આર્ટસ – કોમર્સ – સાયંસ પ્રવેશ**
**KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997**
* આર્ટસ મનોવિજ્ઞાન – રાજયશાસ્ત્ર – સમાજશાસ્ત્ર – અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
* કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM A & B ગ્રુપ – EM B ગ્રુપ
* ધો.–૧૦ ગુજરાતી મિડીયમ ને ધો.–૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
* બહુજ વ્યાજબી ફીઝ માં – વર્ષો થી સુવ્યવસ્થીત શિક્ષણ આપતી સંસ્થા
* બોર્ડ માં A1 - A2 ગ્રેડમાં અગ્રેસર – યુનિવર્સિટી માં ટોપટેન માં અગ્રેસર

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી - Ad 060


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૯૧ |
| ૨ | કપાસ | ૧૦૫૫ | ૧૫૦૫ |
| ૩ | બાજરો | ૪૮૮ | ૬૮૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૭૩ |
| ૫ | જુવાર | ૭૬૧ | ૮૦૦ |
| ૬ | મગ | ૧૫૯૧ | ૧૬૦૦ |
| ૭ | તુવેર | ૧૭૫૨ | ૧૭૫૨ |
| ૮ | મઠ | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૯ | ચણા | ૧૧૯૧ | ૧૨૧૧ |
| ૧૦ | જીરૂ | ૨૬૦૧ | ૨૬૦૧ |

# વડોદરાના મહારાણી રાધિકારાજના હસ્તે વિશિષ્ટ ચતુર્થ મોતી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો



સંસ્કારનગરી સયાજીનગરી વડોદરા ખાતે ચતુર્થ મોતી મહોત્સવ તા.૨૭/૨૮ જુલાઈ ૨૦૨૪ના બે દિવસો માટે મહારાણી ચીમનાબાઈ સ્ત્રી ઉધોગાલયમાં ભવ્યાતી ભવ્ય રીતે ઉજવાય ગયો. વિશિષ્ટ ને અનોખો આ ચોથો મહોત્સવ ગુજરાતના સાંસ્કૃતિક ને ભાતીગળ ઈતિહાસમાં અંકિત થયો છે.

ગુજરાતીઓમાં પોતાના ઈતિહાસ સંસ્કૃતિ કલા માટે અભિમાન કે ગૌરવ પેદા નહીં થાય તો તેમની પાસે ગમે તેટલું વિપુલ નાણું હશે તો પણ એ એની કશી કિંમત નથી. પોતાની સંસ્કૃતિ પ્રત્યે સ્વાભિમાન ન ધરાવતી પ્રજાનું રાષ્ટ્રમાં કે વિશ્વમાં ક્યાંય સ્થાન નથી. એમ કનૈયાલાલ મુનશી કહેતા હતા. આ જાતના મોતી મહોત્સવથી સર્જક બહેનોની કૃતિને અભિવ્યકિત થવાનું બળ મળ્યું છે. જેમની સર્જનાત્મકતાને બળ ખીલવાનું પ્લેટફોર્મ મળ્યું છે. હજુ આમાં નવીન વિચારો આવતા એમાં અવનવા ઉમેરણ થશે. સમાજને પણ આદરભાવ ધીરે ધીરે પ્રગટશે કે આ બધા જ બહેનો ખરેખર વિલુપ્ત થતી કલાનું જતન કરી રહ્યા છે. આથી સમયાંતરે આ જાતના મોતી કળા મહોત્સવ દરેક મોટા શહેરોમાં અવશ્ય કરવા જોઈએ. જેનાથી કલાસર્જકોને બળ અને નવા વ્યક્તિત્વને માર્ગદર્શન મળશે. જેમને નવી દિશા સાંપડશે. આ મહોત્સવનું ઉદ્‌ઘાટન વડોદરાના મહારાણી શ્રી રાધિકારાજે ના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે પોતાની પ્રસનતા વ્યક્ત કરી તમામ સર્જક બહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને મન ભરીને મહોત્સવમાં હાજર રહી પોતાની કળા પ્રિયતા અને નમ્રતાનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે જસદણ સ્ટેટના રાણીસાહેબ અલોકીકારાજે અતિથિ વિશેષ પદ શોભાવી મોતી મહોત્સવને અનેરી ગરિમા બક્ષી હતી. આ પ્રસંગે તમામ સર્જક બહેનોનું મોમેન્ટો આપી બહુમાન કરાયું હતું. આ પ્રકારના વિશિષ્ટ મોતી મહોત્સવના પ્રથમ બીજ રોપનાર ઈતિહાસકાર ડો.પ્રદ્યુમ્ન ખાચરને યાદ કરી મોતીકલાને જીવાડવાનું આ અગત્યનું પ્રસ્થાન કે પગલું સર્જક બહેનોએ ગણાવ્યું હતું. એક પછી એક મોતી મહોત્સવ સફળ થવાથી તથા કળાવંત સર્જકોનો ઉત્સાહ વધ્યો હોય એવું સ્પષ્ટ નજરે પડતું હતું. આ પ્રકારના મહોત્સવ તથા મોતીકલાને વિશ્વસ્તરે પહોચાડવા સરકારી સહાય અને મદદની જરૂરીયાત છે. આ મહોત્સવનો મુખ્ય હેતુ વિસરાતી મોતીકલાને આગળ વધારવાનો તથા મોતીકલાના કસબીઓને બિરદાવવાનો તથા તેમને વધુ બળ મળે રોજગારી મળે એ માટેના પ્રયત્નો કરવાનો છે. આ અનોખા અનેરા મહોત્સવથી એમ લાગે છે કે આ ગુણવંતી કલાવંતી બહેનો આ કળાનો કાળ નહીં જ પડવા દે એવો વિશ્વાસ છે. આ મહોત્સવની રહેવા જમવાની અનેરી લાજવાબ વ્યવસ્થા વડોદરા કાઠી ક્ષત્રિય સમાજ વતી પ્રમુખ શ્રી ડી.ડી.ધાધલ અને શ્રી દિલીપભાઈ વાળા તથા તેમની ટીમે કરી હતી તેથી તેઓ સવિશેષ ખાસ અભિનંદનના અધિકારી છે. એમ આ મહોત્સવનું આયોજન કરનાર લતાબા ચાવડા અને પ્રતિમાબા વાળાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### સેલ્સ એરિયાની મળેલ બેઠકમાં

## અમરેલી જિલ્લા પેટ્રોલપંપ એસો.નાં નવા વર્ષનાં હોદેદારોની વરણી

### પ્રમુખ તરીકે વિક્રમભાઈ મકવાણાને જવાબદારી

અમરેલી, તા. ૩૧

અમરેલી ખાતે અમરેલી જિલ્લા પેટ્રોલપંપ એસોસીએશન અમરેલી (અમરેલી સેલ્સ એરીયાની) મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં મોટી સંખ્યામાં પેટ્રોલપંપ ડીલરો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં નવા હોદેદારોની નીમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિક્રમભાઈ મકવાણા તથા મેહુલભાઈ દેસાઈ, રાજુભાઈ આડતીયા ઉપપ્રમુખ તરીકે બ્રિજેશભાઈ ધોરાજીયાની સેક્રેટરી તરીકે પુનાભાઈ વાલાણીની ખજાનચી તરીકે તથા આનંદભાઈ વાનાણીની મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આગામી દિવસમાં પેટ્રોલપંપ ડિલરોને પડતી વિવિધ તકલીફો માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

### શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન

## રાજય સરકાર દ્વારા સહાય : આઈ-ખેડૂત પોર્ટલ મારફત જિલ્લામાં ૬૩ અરજી મળી

### ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ માટે પ્રતિ હેકટર રૂા.૨૦ હજાર સહાય

અમરેલી, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી રાજયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન વેગવંતુ છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજય સરકાર કટિબદ્ધ છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અમલી છે. જિલ્લામાં આ યોજના અન્વયે આઈ – ખેડૂત પોર્ટલ મારફતે અત્યાર સુધીમાં ૬૩ અરજીઓ મળી છે. શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન સહાય યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક હોય તે ખેડૂતોએ આઈ – ખેડૂત પોર્ટલ પર તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. ઉલ્લેખનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે રૂા.૧,૦૦૦ લાખની જોગવાઈ છે.

શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના અન્વયે ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ માટે પ્રતિ હેકટર રૂા.૨૦ હજાર સહાય ચૂકવવામાં આવશે. અમરેલી જિલ્લામાં ખેડૂતો આ નવી યોજના અન્વયે http://ikhedut.gujarat.gov.in પોર્ટલ મારફત અરજી કરી શકે છે.

### રમત ગમત સપ્તાહમાં

## સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કુલના રમતવીરો પ્રથમ ક્રમે

### દોડ વગેરે એથ્લેટિકસ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમે



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી.મોદી હાઈસ્કૂલના રમતવીરો એ ભવ્ય સફળતાઓ મેળવી હતી તાજેતરમાં રમત ગમત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કે.કે. હાઈસ્કૂલના વિશાળ ગ્રાઉન્ડમાં યોજાયેલ જુદી જુદી રમતોમાં જે.વી. મોદી હાઈસ્કૂલના ખેલાડીઓએ ભાગ લીધેલ હતો જેમાં કબડી સ્પર્ધામાં શાળાની ટીમ ફાઈનલ સુધી પહોંચેલ તેમજ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ૧૪થી ૧૭ વર્ષ સુધીના વિભાગમાં બરછી ફેકમાં ચૌહાણ પૃથ્વી કમલેશભાઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ ૧૭ વર્ષથી ઉપરના વિભાગમાં બરછી ફેકમાં વાઘ કાનો મુન્નાભાઈ પ્રથમ નંબર, ગોળાફેક સ્પર્ધામાં કુડેચા મનીષ કેસુભાઈએ પ્રથમ નંબર, ૧૦૦ મીટર દોડમાં ૧૪થી ૧૭ વર્ષના વિભાગમા ચેહાણ નયન વિપુલભાઈ દ્વિતીય નંબર, ઉંચેહાણ રહેમાન પણ ૧૦૦ મીટર દોડમાં ૧૭ વર્ષથી ઉપરના વિભાગમાં દ્વિતીય નંબર, ૪૦૦ મીટર દોડમાં ચારોલા હરપાલ વિનુભાઈએ દ્વિતીય નંબર, હથોડાફેંક સ્પર્ધામાં ગોહિલ અમન ભરતભાઈ પ્રથમ નંબરે વિજેતા થયેલ સફળતા પ્રાપ્ત કરેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના વ્યાયામ શિક્ષક ગેરાંગભાઈ જોશીએ માર્ગદર્શન આપી તૈયાર કરેલ આ તકે નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય આશિષભાઈ જોશી, નૂતન કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટીઓ તથા સમગ્ર ટ્રસ્ટી ગણે વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉત્તરોત્તર પ્રગતિ કરો અને શાળા તથા તમારૂ નામ રોશન કરો તેવા આશીર્વાદ આપેલ.

### સુખી સંપન્ન પરિવારનાં લોકો દ્વારા શ્રમદાન સાથે સોમનાથ મહાદેવની અનોખી સેવા

## અમદાવાદના ૩૬૦ જેટલા સ્વયંસેવકોએ શ્રાવણ પૂર્વે સોમનાથ તીર્થમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ

### સફાઈ કરનાર સેવકો દ્વારા સોમનાથ આવનાર યાત્રીઓને સ્વચ્છતા જાળવવા અપીલ



અમરેલી, તા. ૩૧

શ્રાવણ માસને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે સતત ૧૪મા વર્ષે શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યે શ્રાવણ પૂર્વે અમદાવાદના 'બાપા સિતારામ સેવા ટ્રસ્ટ'ના ૩૬૦ જેટલા સ્વયંસેવકો દ્વારા તીર્થને સ્વચ્છ કરીને શ્રમ સેવા કરવામાં આવી હતી. દર વર્ષે આ સેવામંડળના સ્વયંસેવકો સ્વખર્ચે સફાઈના સાધનો, રસોઈનો સામાન, વગેરે લઈ સોમનાથ પહોચે છે. એક દિવસમાં શ્રી સોમનાથ મંદિર તથા ટ્રસ્ટ હસ્તકના અન્ય મંદિરોની સફાઈ કરે છે. ત્યાર બાદ બિજા દિવસે તેઓ સોમનાથ મહાદેવની ધ્વજાપુજા અને ધ્વજારોહણ કરી પરત ફરે છે. આ ક્રમ ૧૩-વર્ષથી ચાલી રહ્યો છે. આ વર્ષે સ્વયં સેવકો હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર સફાઈમાં જોડાયા હતા અને સાંજ સુધીમાં શ્રી સોમનાથ મંદિર, ભાલકા તીર્થ, ગોલોકધામ સહિત તીર્થના અનેકવિધ મંદિરો સ્વચ્છ કર્યા હતા.

૩૬૦ જેટલા સ્વયં સેવકો દ્વારા સોમનાથ મંદિર, અહલ્યાબાઈ મંદિર, ગોલોકધામ, ભાલકા તીર્થ, રામ મંદિર, ત્રિવેણી સંગમ, વિઠલેશ્વર મંદિર-પ્રાચી, શશીભુષણ મહાદેવ ભીડીયા ખાતે પોતાનું શ્રમદાન કરી સ્વચ્છતા કરવામાં આવી હતી. જેમાં શ્રી સોમનાથ ટ્રસ્ટના સફાઈ કર્મીઓ પણ જોડાયા હતા.

આ અભિયાન બાદ પોતાની લાગણી વ્યક્ત કરતા શ્રી હરેશભાઈ સોની, બાપા સીતારામ સેવા ટ્રસ્ટ તરફથી સોમનાથ આવતા યાત્રીઓ ને અપિલ કરવામાં આવેલ કે ''સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' યાત્રીઓ આ તીર્થધામમાં આવે ત્યારે સ્વચ્છતા નાં આગ્રહી બને અને તીર્થધામમાં કચરો જયા-ત્યાં નહિ પણ કચરાપેટીમાં નાખે જેથી સ્વચ્છતા બની રહે. સ્વચ્છતા ત્યાં પવિત્રતા હોય છે. જેમના સમન્વયથી રચાતા આધ્યાત્મિક વાતાવરણની અનુભુતી અન્ય યાત્રીઓ પણ કરી શકે તેવિ લાગણી વ્યક્ત કરેલ હતી.

સ્વચ્છતા અભિયાન પુર્ણ કરી સોમનાથ મહાદેવની પ્રવજા યાત્રા નીકળેલી હતી. ભકિત ભજનમાં સૌ કોઈ ધન્ય બન્યા હતા. ત્યાર બાદ ધ્વજાપૂજા અને ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા બાપા સીતારામ સેવા ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અમુલ્ય શ્રમયને બિરદાવેલ હતો. ટ્રસ્ટના પ્રમુખ સહિત ૩૬૦ સ્વયંસેવકોનું સોમનાથ મહાદેવનો પ્રસાદ આપી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા કરવામાં આવેલું હતું.

# અમરેલીમાં તપોધન બ્રહ્મ સમાજનો વડીલવંદના અને સન્માન સમારોહ યોજાયો



અમરેલી ખાતે ગત રવિવારે શ્રી ૨૪૨ તપોવન બ્રહ્મ સમાજ દ્વારા જ્ઞાતિના સિનીયર સીટીઝનનો અભિવાદન અને તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં અમરેલી શહેરમાં વસતા જ્ઞાતિ જનો ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી ખાતે આ કાર્યક્રમ રવિવારે સાંજે સૂર્યા ગાર્ડનમાં જાણીતા કથાકાર જય મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં તપોધન બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખ કાંતિભાઈ જોશીની અપ્રયક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જેમાં સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા અને તપોધન બ્રહ્મ સમાજ વિકાસ ટ્રસ્ટના કાર્યકારી પ્રમુખ નલિનભાઈ જોષી (બોટાદ)ની ખાસ હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત કુમારીકાઓના હસ્તે દિપ પ્રાગટ્યથી થઈ હતી. શહેર પ્રમુખ જયંતિભાઈ વ્યાસ, ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ જોષી, મંત્રી ડો. પરેશ જોષી વિગેરેની ઉપસ્થિતિમાં જ્ઞાતિના ૭૦થી વધુની વયના કાંતિલાલ ગીરજાશંકર જોષી, જસવંતરાય નર્મદાશંકર, દિનેશભાઈ નારણજી રાવલ, શશીકાંતભાઈ હિંમતલાલ રાવલ, બટુકભાઈ મગનલાલ જોષી, બાબુલાલ વેણીશંકર ભટ્ટ, મંજુલાબેન કાંતિલાલ જોષી, સવિતાબેન દુર્લભજીભાઈ વ્યાસ, પુષ્પાબેન જગદીશભાઈ ભટ્ટ, મંજુલાબેન સદાશીવભાઈ જોષી, રમીલાબેન શશીકાંતભાઈ રાવલ, કનુબેન દિનેશભાઈ રાવલ અને લીલાબેન બટુકભાઈ જોષીનું શાલ ઓઢાડી અભિવાદન કરાયું હતું. આ ઉપરાંત જ્ઞાતિના ત્રણ ડોકટર બનેલા યુવાનો જોષી હિમાલય ભાવેશભાઈ, જોષી ધાર્મિક પરેશભાઈ અને જોષી વિશ્વેશ શીરીષભાઈ અને અન્ય તેજસ્વી છાત્રો જોષી વિવાન વિશાલભાઈ, જોષી ક્રિષ્વા નૈતિકભાઈ, જોષી પલ સંકેતભાઈ, વ્યાસ કાર્તિક વિવેકભાઈ, રાવલ દ્રષ્ટિ દિલીપભાઈ, વ્યાસ ક્રિષ્ન વિવેકભાઈ, ભટ્ટ યશ્વી સતીષભાઈ, જોષી હિયા પરેશભાઈ, વ્યાસ યોગીતા પ્રવિણભાઈ, વ્યાસ ઈશા અશ્વિનભાઈ, જોષી વિધી જીતેન્દ્રભાઈ, જોષી સેહમ પરેશભાઈ અને ભટ્ટ પાયલ સતીષભાઈનું પ્રમાણપત્ર, રજતપદક અને શિલ્ડ આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં ભાગવતાચાર્ય જય મહારાજે આશિર્વચન પાઠવ્યા હતા. જયારે પ્રમુખ જયંતિભાઈ વ્યાસ અને ઉપ પ્રમુખ જીતેન્દ્રભાઈ જોષીએ જ્ઞાતિના સંગઠનને વધુ મજબુત બનાવવા ભાર મુકી સુચનો કર્યા હતા.





## બસપોર્ટનો પ્રારંભ થાય તે પહેલા બારીઓનાં કાચ તુટયા, શ્વાનનાં આંટાફેરા અને બેફામ ગંદકી

# અમરેલીનાં નવનિર્મિત બસપોર્ટની હાલત પણ દયનીય બની

**હંગામી બસ સ્ટેન્ડમાં છેલ્લા ૬ વર્ષથી પરેશાન થતાં મુસાફરો નવા બસપોર્ટથી પણ દુઃખી જ રહેશે**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી કરોડો રૂપિયાનાં ખર્ચે બનતું બસપોર્ટ શરૂ થાય તે પહેલા રીનોવેશન માટે તૈયાર**

**બસપોર્ટની બહાર બનેલ દુકાનો ધડાધડ શરૂ થાય અને બસપોર્ટ ક્યારે શરૂ થશે તેની કોઈને ખબર નથી**

**એસ.ટી.નાં સત્તાધીશોને જનતા જનાર્દનની કોઈ વેદનાનો અનુભવ થતો ન હોય તેવું લાગી રહ્યું છે**



અમરેલી, તા. ૩૧

અમરેલીમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી તૈયાર થયેલ અને જેના ઉદઘાટનની જિલ્લાભરની જનતા ઘણા મહિનાઓથી કાગડોળે રાહ જોઈ રહી છે તેવા નવનિર્મિત બસ પોર્ટની હાલત શરૂ થાય તે પહેલા દયનીય બની જતાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

અમરેલીમાં અંદાજિત ૭ વર્ષ પહેલાં હયાત બસ સ્ટેન્ડનાં સ્થાને આધુનિક સુવિધા સભર અને રોડ સાઈટ શોપિંગ સેન્ટર સાથે હોંશે હોંશે બસ પોર્ટ બનાવવાનો પ્રારંભ થયો અને બસ સ્ટેન્ડને બાજુની જગ્યામાં હંગામી બસ સ્ટેન્ડમાં સ્થળાંતર કરાયું. જો કે હંગામી બસ સ્ટેન્ડ બન્યું ત્યારથી નર્કાગારની સ્થિતિમાં જોવા મળે છે. પરંતુ મુસાફરોને આશા હતી કે થોડા મહિનાઓમાં નવું બસ પોર્ટ બનશે તેવી આશામાં સૌ હંગામી બસ સ્ટેન્ડનાં નર્કનો સામનો કરતાં હતા.

પરંતુ નવનિર્મિત બસ પોર્ટમાં તો શરૂ થાય તે પહેલા જ સમસ્યા વિકરાળ બનતી જોવા મળી રહી છે. જયાં મેદાનમાં ખાડા, વરસાદી પાણીનો ભરાવો, બારીઓનાં કાચ તુટી જવા કે રખડુ શ્વાન પ્રથમ માળે ચકકર મારતાં હોય તેવા દ્રશ્યો જોવા મળતાં મુસાફરોનાં બસ પોર્ટની સુવિધાનાં સ્વપ્ન પર પાણી ઢોળ થતું જોવા મળી રહ્યું છે.

એ સ . ટી . ના . અધિકારીઓની અણઆવડત, પદાધિકારીઓમાં ઈચ્છાશકિતનાં અભાવે બસ પોર્ટ તો શરૂ થતું નથી પરંતુ બસ પોર્ટની બહાર તૈયાર થયેલ દુકાનોનું વેચાણ અને તેનો પ્રારંભ પણ ધડાધડ થઈ રહ્યો હોય બસ પોર્ટ નવું બન્યું કે નવું શોપિંગ સેન્ટર બન્યું તે મુસાફરોને સમજાતું નથી.

**માર્ગની વચ્ચે ગાબડા છે કે ગાબડા વચ્ચે માર્ગ તે સમજાતુ નથી**

# અમરેલીથી લીલીયામોટા વચ્ચેનો માર્ગ અતિ બિસ્માર બનતા વાહનચાલકો પરેશાન

**માર્ગ-મકાન વિભાગની બેદરકારી પ્રકાશમાં આવી રહી છે**

લીલીયા, તા. ૩૧

લીલીયા-અમરેલી માર્ગ પાછલા કેટલાક સમયથી અતિ બિસ્માર હાલતમાં છે. જેને લઈ અવાર-નવાર નાના-મોટા અકસ્માત સર્જાય રહ્યા છે. માર્ગના નવિનીકરણ અને માર્ગની મરામત માટે રજૂઆત કરવામાં આવવા છતાં જવાબદાર તંત્ર ધ્વારા માર્ગની મરામત કરવામાં ન આવતા વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.



**હયાત સ્થળે નવું બિલ્ડીંગ બનાવવાનું નક્કી થતા**

## લ્યો બોલો : બાબરાની મામલતદાર કચેરીનું ૩ કિ.મી. દૂર સ્થળાંતર કરાતા રજૂઆત

**ભાજપ અગ્રણી નીતિન રાઠોડે સીએમને પત્ર પાઠવ્યો**

બાબરા, તા. ૩૧

બાબરામાં નવી મામલતદાર કચેરી મૂળ જગ્યાએ બનવાની રાજય સરકાર દ્વારા મંજૂરી આવતા હાલ કાર્યરત મામલતદાર કચેરી શહેરથી દુર ત્રણ કિલોમીટર જેટલી ખસેડવામાં આવતા કચેરીમાં આવતા અરજદારોમાં ગણગણાટ શરૂ થયો છે. સામાન્ય કામ માટે આવતા અરજદારોને કેટલો ધક્કો પડશે શું તંત્રને શહેરના મધ્યમાં અન્ય કોઈ મકાન ભાડેથી ના મળ્યું કે શહેરથી દુર જવાની નોબત આવી સ્થાનિક લોકો અને અરજદારો દ્વારા આ બાબતે જિલ્લા પંચાયતના સભ્ય અને

**અનુસંધાન પાના ૬ ઉપર**


## રાજુલાનાં મફતપરામાં જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે રૂા. ૧૨,૨૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૩૧

રાજુલા ગામે આવેલ મફતપરા વિસ્તારમાં આવેલ નવા રેલ્વે સ્ટેશન પાસે રહેતા સુરેશભાઈ ધીરૂભાઈ બારૈયા, જગદીશભાઈ રાણાભાઈ મકવાણા, ભાણાભાઈ દાનાભાઈ બાળ ધીયા તથા ભરતભાઈ જીણાભાઈ સરવૈયા સહિત ચારેય ઈસમો તા. ૩૦ના સાંજે ૫:૩૦ વાગ્યે રાજુલા ગામે જગદીશભાઈ મકવાણાના રહેણાંક મકાન પાછળ જાહેરમાં તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા હોય. આ અંગે પોલીસને બાતમી મળતાં પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૨,૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## દામનગરમાં દુર્ગંધ ફેલાવતી ગટર



વિકાસ-વિકાસ જયાં જુઓ ત્યાં ગુજરાતમાં અધકચરા વિકાસમાં કેટલો ભ્રષ્ટાચાર થાય છે તે જોઈ શકાતું હોય છે. ખરેખર જો વિકાસ થયો હોય તો તટસ્થ તપાસ થાય તો ભ્રષ્ટાચારનો ભોરિંગ બહાર આવે અને કહેવાતા વિકાસવાદીઓની ગેરરીતિઓ ખુલ્લી પડે..!! આ તસ્વીર દામનગરની-ને શહેર કહેવું કે ગામડું-ગામડાઓ અદ્યતન બની રહ્યા છે. ડો. બાબા સાહેબ આંબેડકર હોલની સામે આવેલ મુખ્ય માર્ગની બાજુમાં ગટરની કુંડી મહિનાઓથી ખુલ્લી હોવાથી દુર્ગંધ આવી રહી છે અને કોઈ પણ વ્યકિત, પશુ કે વાહનવાળા અંદર પડી શકે એવી હાલત હોય, લોખંડની જાળી લગાડવા માટે આ વિસ્તારના ધારાસભ્યને રજૂઆત કરવી પડશે કે મુખ્યમંત્રીને....!!





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)